# પ્રકરણ : ૨૬ મોક્ષસુખનું સ્વરૂપ

**પ્રકરણની રૂપરેખા**

- ☼ પ્રાસ્તાવિક
  1. આત્માધીન
  2. અતીન્દ્રિય
  3. અહાનિવૃદ્ધિ
  4. શાશ્વત
  5. અવિચ્છિન્ન
  6. અક્ષુબ્ધ
  7. નિઃપ્રતિપક્ષ
  8. નિરુપાધિક
  9. સમંત
  10. આવ્યાબાધ
  11. અનુપમેય
  12. નિરપેક્ષ
  13. અનંત
- ☼ ઉપસંહાર

(છંદ : રાધિકા)

**मोक्षसुख का स्वरुप है, अनुपम आत्माधीन ।**
**वे हानिवृद्धि रहित है, अतीन्द्रिय अविच्छिन्न ।।**
**अपेक्षा-उपाधि विहीन, है अक्षुब्ध अनंत ।**
**प्रतिपक्ष-बाधा विरहित, है शाश्वत समंत ।।**

ભાવાર્થ : **મોક્ષના સુખનું સ્વરૂપ અનુપમ, આત્માધિન, હાનિવૃદ્ધિથી રહિત, અતીન્દ્રિય, અવિચ્છિન્ન છે. તે અપેક્ષા અને ઉપાધિથી વિહીન તેમ જ અક્ષુબ્ધ અને અનંત છે. તેમ જ પ્રતિપક્ષ અને બાધાથી વિરહિત હોય તેવું છે. તેમ જ શાશ્વત અને સમંત છે.**

મોક્ષ એ પરમ સુખનું ધામ છે. આ જગતના નિશ્ચય મોક્ષમાર્ગ અને મોક્ષ સિવાય બીજે કયાંય કિંચિત્ પણ સુખ હોતું નથી. મોક્ષમાર્ગમાં આંશિક સુખ છે અને મોક્ષમાં પરિપૂર્ણ સુખ છે. જગતના કહેવાતા સાંસારિક સુખથી વિપરીત એવું મોક્ષનું સુખ અલૌકિક અને અચિંત્ય છે. આ સુખ માત્ર અનુભવગોચર છે અને વચનગોચર નથી. તોપણ મોક્ષમાર્ગી મહાત્માઓએ પોતાના પ્રચુર સ્વસંવેદનના બળથી તેમજ ભગવાનની દિવ્યવાણીના આધારે આ સુખના સ્વરૂપ સંબંધી કાંઈક અછડતો ઉલ્લેખ પણ કર્યો છે. તેના આધારે મોક્ષસુખનું એટલે કે મોક્ષપ્રાપ્ત સિદ્ધ ભગવાનના સુખનું સ્વરૂપ નીચે મુજબ છે.

૧. આત્માધીન, ૨. અતીન્દ્રિય,

૩. અહાનિવૃદ્ધિ, ૪. શાશ્વત, ૫. અવિચ્છિન્ન,

૬. અક્ષુબ્ધ, ૭. નિઃપ્રતિપક્ષ, ૮. નિરૂપાધિક,

૯. સમંત, ૧૦. અવ્યાબાધ, ૧૧. અનુપમેય,

૧૨. નિરપેક્ષ, ૧૩. અનંત

ઉપરોકત દરેક સ્વરૂપની નીચે પ્રમાણે સમજૂતીમાં સૌ પ્રથમ જે તે સ્વરૂપની **વ્યાખ્યા** અને તેની **સમજૂતી**, ત્યાર પછી **આ સ્વરૂપનું સુખ એ જ સાચું સુખ હોય છે અને તેનાથી વિપરીત કહેવાતું સાંસારિક સુખ એ કોઈ વાસ્તવિક સુખ હોતું નથી તેની છણાવટ**, ત્યારપછી આ પ્રકારના સુખની **શ્રેષ્ઠતા** અને અંતમાં કોઈ શાસ્ત્રીય આધાર કે કોઈના કથનના આધારે **અંચલિકારૂપ સાર** આપવામાં આવ્યો છે.

## ૧. આત્માધીન

**પોતાના આત્મામાંથી જ ઉત્પન્ન થયેલ અને પોતાના આત્માને જ વશ હોય તેવા સ્વતંત્ર સુખને આત્માધીન કહે છે.**

સિદ્ધ ભગવાનનું સુખ પાંચ ઈન્દ્રિયો, ઈન્દ્રિયના વિષયો, પુણ્યનો ઉદય કે કર્મના ક્ષયોપશમ જેવા કોઈ પણ બાહ્ય કારણોની અપેક્ષા વિના એક માત્ર અંદરના આત્મસ્વભાવને જ કારણપણે ગ્રહીને આત્મા દ્વારા જ ઉપજતું અને પોતાના આત્માને જ આશ્રિતપણે પ્રવર્તતું હોવાથી આત્માધીન છે.

આત્માધીન હોય તે જ સાચું સુખ હોય છે. જગતમાં કહેવાય છે કે, પરાધીનતામાં સ્વપ્નેય સુખ નહિ. પરાધીનતા પોતે જ એક ગુલામી છે, બંધન છે, કારાવાસ છે અને તેથી તે દુઃખ છે. કોઈને પ્રથમ શ્રેણીના વાતાનુકુલિત કેદખાનામાં રાખવામાં આવે તોપણ તે સ્વતંત્ર નથી. લોકમાં પણ કોઈને ગમે તેટલી સગવડતાઓ અને સુવિધાઓ હોય પણ જો તે પારકાને આધીન હોય તો તે સુખ કહેવાતું નથી. અને તેનાથી ઊલટું મુનિરાજને આત્માના લક્ષે થતું સ્વાધીનતાપૂર્વકનું કાયકલેશાદિ કષ્ટ પણ સુખરૂપ ભાસે છે. લોકમાં પણ કોઈ કષ્ટને રાજીખુશીથી અને પોતાની મરજીથી વહન કરવામાં આવે તો તે કષ્ટ કહેવાતું નથી. પણ પરાધીનતા પોતે જ એક કષ્ટ હોય છે. તેથી જ સંસ્કૃત સુભાષિતમાં કહેવાયું છે --

**कष्टं खलु पराश्रय।**

**અર્થ :** ખરેખર પારકો આશ્રય પોતે જ કષ્ટદાયક હોય છે.

અરે રે ! સંસારનું પરાશ્રિત સુખ એ સાચું સુખ કયાંથી હોય ? ન જ હોય. સંસારનું કહેવાતું સુખ ઈન્દ્રિયો, પરવિષયો, કર્માધીન ક્ષાયોપશમિક ઉપયોગ અને પુણ્યોદય જેવા અનેક બાહ્ય કારણોને આશ્રિત હોય એવું પરાધીન છે. અને

પરાધીન હોવાથી તે પરમાર્થે દુઃખ જ છે. જયારે સિદ્ધ ભગવાનનું આત્મિક સુખ પરના સંબંધ વિના પોતાના શુદ્ધ સામાન્ય જ્ઞાયક આત્મસ્વભાવને આધીન થઈને પ્રવર્તતું હોવાથી સ્વાધીન છે અને સ્વાધીન હોવાથી તે પરમાર્થે સુખ જ છે.

પરાધીનતાપૂર્વકના મેવા-મીઠાઈ કરતાં સ્વાધીનતાપૂર્વકનો સૂકો રોટલો પણ મીઠો હોય છે. **સ્વતંત્રતા એ અમારો જન્મસિદ્ધ અધિકાર છે**-- એવા નારાપૂર્વક ભારતની આઝાદીની લડત લડવામાં આવી હતી. ભારતની આઝાદી આપતા સમયે લંડનમાં ગોળમેજી પરિષદ યોજાઈ હતી અને તેમાં અંગ્રેજોએ એવો પ્રસ્તાવ મૂક્યો હતો કે આવડા મોટા દેશનો રાજ્ય વહીવટ ચલાવવાનો અનુભવ કે આવડત તમારી કોઈની પાસે નથી. તેથી તમને તાલીમ આપીને ક્રમે ક્રમે આઝાદી આપવામાં આવે તે યોગ્ય થશે. ત્યારે ગાંધીજીએ તેનો સખત વિરોધ કરીને કહ્યું હતું કે અમને પૂર્ણ સ્વાધીનતા સિવાય બીજું કશું ખપે નહિં. અમે નાગાભૂખ્યા રહેશું પણ પરાધીનતા પાલવે નહિ. આ ઉપરથી નક્કી થાય છે કે સ્વાધીનતા જ શ્રેષ્ઠ છે. આપણને કોઈ પરાધીન અને સ્વાધીન એ બેમાંથી કોઈ એક પ્રકારનું સુખ પસંદ કરવાનું કહે તો આપણે સહજપણે સ્વાધીનને જ પસંદ કરીશું . તેથી સિદ્ધ ભગવાનનું સુખ સ્વાધીન હોવાથી એ જ શ્રેષ્ઠ છે તેમ સમજી શકાય છે.



પરાધીનતા એ દુઃખ અને સ્વાધીનતા એ સુખ એ એક સમ્યક્ સિદ્ધાંત છે. જેની ઉત્પત્તિમાં થોડી પણ પરની અપેક્ષા એટલે કે પરાધીનતા હોય તે વાસ્તવિક સુખ હોતું જ નથી. સંસારના ભોગોપભોગથી પ્રાપ્ત થતું કહેવાતું સુખ એ પુણ્યોદય જેવા અનેક બાહ્ય કારણોને આધીન છે તેથી પરમાર્થે દુઃખ જ છે અને આત્મામાંથી જ ઉત્પન્ન થતું અને આત્માને જ વશ એવું સિદ્ધ ભગવાનનું આત્મિક સુખ એ જ સાચું સુખ છે. મોક્ષ અને મોક્ષમાર્ગના સાચા સ્વાધીન સુખને પ્રગટ કરવા પરાધીનતા ટાળવી જરૂરી છે. આચાર્યશ્રી અમિતગતિના શબ્દોમાં ---

(અનુષ્ટુપ)

**सर्वं परवशं दु:खं, सर्वमात्मवशं सुखम् ।**
**वन्दतीति समासेन, लक्षण सुख-दु:खयो: ।।**
**तत: पुण्यभवा भोगा, दु:खं परवशत्वत: ।**
**सुखं योगभवं ज्ञानं, स्वरुपं स्ववशत्वत: ।।**

**ભાવાર્થ : જે પરાધીન હોય તે બધું દુઃખરૂપ છે અને સ્વાધીન હોય તે બધું સુખરૂપ છે ! એમ સુજ્ઞ પુરુષોએ સંક્ષેપમાં દુઃખ-સુખનું સ્વરૂપ કહ્યું છે.**

**તેથી પુણ્યોદયજન્ય સાંસારિક ભોગો પરવશ હોવાને કારણે દુઃખરૂપ છે અને આત્માના જ્ઞાનમય યોગથી ઉત્પન્ન થતું આત્મિક સુખ સ્વવશ હોવાના કારણે સુખરૂપ છે.** (યોગસાર-પ્રાભૃત : અધિકાર ૯ : ચૂલિકા : ગાથા ૧૨, ૧૩)

## ૨. અતીન્દ્રિય

[1]મૂર્ત ઈન્દ્રિયોની અપેક્ષા વગર પ્રત્યક્ષ પ્રવર્તતા આત્મિક જ્ઞાનને અતીન્દ્રિય જ્ઞાન કહે છે. અતીન્દ્રિય જ્ઞાન સાથે સંબંધિત આત્મિક સુખને અતીન્દ્રિય કહે છે.

સિદ્ધ ભગવાનને કોઈ શરીર કે ઈન્દ્રિયો નથી. તેથી તેઓ અશરીરી અને અતીન્દ્રિય છે. અશરીરી અને અતીન્દ્રિય ભગવાનનું જ્ઞાન અને સુખ કોઈ શરીરની કે ઈન્દ્રિયોની અપેક્ષા વિના સીધુ આત્મપ્રદેશોથી જ પ્રત્યક્ષ પ્રવર્તતું હોવાથી અતીન્દ્રિય છે.

જ્ઞાન અને સુખ અભિન્ન છે. જેને જ્ઞાન હોય તેને જ સુખ હોય છે અને જ્ઞાન વગરનાને સુખ હોતું નથી. અતીન્દ્રિય જ્ઞાન સાથે સંબંધિત સુખ પણ અતીન્દ્રિય કહેવાય છે અને ઈન્દ્રિય જ્ઞાન સાથે સંબંધિત સુખ પણ ઈન્દ્રિય કહેવાય છે. જે સુખ અતીન્દ્રિય હોય તે જ સાચું સુખ હોય છે. સંસારમાં જે સ્પર્શાદિ ઈન્દ્રિયજ્ઞાન સાથે સંબંધિત ઈન્દ્રિયવિષયના સેવનરૂપ ઈન્દ્રિય સુખ માનવામાં આવે છે તે એક ભ્રમણા છે, અજ્ઞાની જીવનો મોહ છે. જડ ઈન્દ્રિયમાં કે તેના વિષયમાં કયાંય સુખ હોતું જ નથી તો પછી તેમાંથી સુખ કેવી રીતે મળે ? ન જ મળે. વાસ્તવમાં ઈન્દ્રિયસુખરૂપનું પરિણમન પોતાના જ આત્માનું છે. જે આત્માની [2]*અસમીચીન* અશુદ્ધ પરિણતિ છે. તેથી તે દુઃખરૂપ છે. પણ મોહના કારણે તેમાં કાલ્પનિકપણે ઈચ્છિત વિષયોનો ભોગવટો ભાસતા સુખ જેવું લાગે છે. તે સુખ નથી પણ સુખાભાસ છે. જેમ ઝાંઝવાના જળમાં જળ નથી પણ જળનો આભાસ છે. તેમ ઈન્દ્રિયવિષયોના સેવનમાં સુખ નથી પણ સુખનો આભાસ છે. સુખના આભાસનું કારણ મિથ્યાત્વ છે. જેને સર્પનું કાતિલ ઝેર વ્યાપ્યું હોય તેને લીમડાના કડવા પાંદડા પણ મીઠા લાગે છે

તેમ જેને મિથ્યાત્વનું તીવ્ર ઝેર વ્યાપેલ હોય તેને દુઃખરૂપ વિષયોનો સ્વાદ પણ સુખરૂપ ભાસે છે. દુઃખમાં પણ સુખ ભાસવું તે મોહ અને મિથ્યાત્વનું જ માહાત્મ્ય જાણવું.

વળી ઈન્દ્રિયજ્ઞાન પરાધીન, પરોક્ષ અને [3]**પ્રમત્ત** હોવાથી અત્યંત [4]**હીન** અને [5]**હેય** છે. તેથી તે આકુળતા ઉપજાવનારું છે. તેથી તેની સાથે સંકળાયેલ સંસારી જીવનું ઈન્દ્રિયસુખ પણ તેવું જ આકુળતા ઉપજાવનારું છે. તેથી તે પરમાર્થે દુઃખ છે. જ્યારે અતીન્દ્રિયજ્ઞાન આત્માધીન, પ્રત્યક્ષ અને અપ્રમત્ત હોવાથી અત્યંત [6]વિસ્તીર્ણ અને ઉપાદેય છે. તેથી તે અનાકુળતા ઉપજાવનારૂં છે. તેથી તેની સાથે સંકળાયેલ સિદ્ધ ભગવાનનું અતીન્દ્રિયસુખ પણ તેવું જ અનાકુળ છે. અને અનાકુળ હોવાથી તે જ પરમાર્થે સુખ છે.

સંસારી જીવનું ઈન્દ્રિયજ્ઞાન અને તેની સાથે સંકળાયેલ ઈન્દ્રિયસુખ એ ઈન્દ્રિયો, વિષયો, કર્મોનો ક્ષયોમશમ જેવી અનેક બાહ્ય સામગ્રી શોધવાની વ્યગ્રતાવાળું છે. ઉપરાંત તે હાનિવૃદ્ધિવાળું છે. માટે તે [7]**કનિષ્ઠ** છે. તેનાથી વિરુદ્ધ સિદ્ધ ભગવાનનું અતીન્દ્રિય જ્ઞાન અને તેની સાથે સંકળાયેલ અતીન્દ્રિય સુખ એ કોઈપણ બાહ્ય સામગ્રી શોધવાની વ્યગ્રતા વગરનું છે. ઉપરાંત તે હાનિવૃદ્ધિ વગરનું છે. માટે તે શ્રેષ્ઠ છે.



સિદ્ધ ભગવાનનું અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયસુખ કોઈપણ બાહ્ય સામગ્રીની અપેક્ષા વગર સીધું અને સંપૂર્ણપણે આત્મામાંથી જ પ્રવર્તતું હોવાથી પ્રત્યક્ષ છે. પ્રત્યક્ષ જ્ઞાન અને સુખ કોઈ પણ બાહ્ય સામગ્રી શોધવાની વ્યગ્રતા વિનાનું હોવાથી કોઈપણ પ્રકારના ખેદ વિનાનું છે. અને સંપૂર્ણ આત્મ પ્રદેશોમાંથી સંપૂર્ણ સામર્થ્યથી પ્રવર્તે છે. તેથી તે પરિપૂર્ણ છે. જેમ પૂર્ણપણે પ્રગટેલો અગ્નિ કોઈપણ દાહ્યને બાકી રાખ્યા વિના સંપૂર્ણ પદાર્થોનું દહન કરે છે. તેમ પૂર્ણપણે પ્રગટેલું પ્રત્યક્ષ જ્ઞાન કોઇ પણ જ્ઞેયને બાકી રાખ્યા વિના સંપૂર્ણ પદાર્થોને જાણી લ્યે છે. આવું અતીન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન અમૂર્ત પદાર્થો, મૂર્ત પદાર્થો, મૂર્ત પદાર્થોમાંય જે માત્ર અતીન્દ્રિય જ્ઞાન વડે જ જાણી શકાય તેવા સૂક્ષ્મ, અંતરિત કે ઢંકાયેલ હોય તેવા મૂર્ત પદાર્થોને પણ જાણી લ્યે છે. તેથી આવું પ્રત્યક્ષ જ્ઞાન પ્રત્યક્ષપણે જ સુખનું કારણ છે. તેથી સિદ્ધ ભગવાનનું અતીન્દ્રિય સુખ એ પ્રત્યક્ષ સુખ જ છે. આવું પ્રત્યક્ષ સુખ પ્રાપ્ત કરવા માટે અતીન્દ્રિય જ્ઞાનનો જ ઉપાય કરવો. અતીન્દ્રિય સુખના સાધનભૂત અતીન્દ્રિય જ્ઞાનની પ્રશંસા કરતા આચાર્યશ્રી કુંદકુંદ કહે છે —

(હરિગીત)

**દેખે અમૂર્તિક, મૂર્તમાંય અતીન્દ્રિને, પ્રચ્છન્નને,**
**તે સર્વને—પર કે સ્વકીયને, જ્ઞાન તે પ્રત્યક્ષ છે.**

ભાવાર્થ : સિદ્ધ ભગવાનનું જ્ઞાન અમૂર્ત પદાર્થોને, મૂર્ત પદાર્થોને અને મૂર્તમાંય જે અતીન્દ્રિયજ્ઞાનનો વિષય હોય તેવા સૂક્ષ્મને તેમજ અંતરિત કે ઢંકાયેલ હોય તેવા ગુપ્ત પદાર્થોને પણ દેખે છે. સ્વ તેમજ પરને સંપૂર્ણપણ દેખે છે. તેથી આવું જ્ઞાન પ્રત્યક્ષ છે.

(પ્રત્યક્ષ એવા અતીન્દ્રિયજ્ઞાન સાથે સંકળાયેલ અતીન્દ્રિયસુખ પણ પ્રત્યક્ષ છે. અને જે પ્રત્યક્ષ હોય તે જ પારમાર્થિક સુખ કહેવાય. આવા અતીન્દ્રિયસુખની પ્રાપ્તિ માટે અતીન્દ્રિયજ્ઞાન પ્રગટવાનો ઉપાય કરવો.)

(પ્રવચનસાર : ગાથા ૫૪)

## ૩. અહાનિવૃદ્ધિ

**સ્થિર અને પરિપૂર્ણ હોય તેવા સુખને અહાનિવૃદ્ધિ કહે છે.**


વધ-ઘટ વિનાના એકસરખા સ્થિર તેમ જ ઓછપ, ઊણપ કે આવરણ વિનાના પરિપૂર્ણ સુખને અહાનિવૃદ્ધિ કહે છે. સિદ્ધ ભગવાનનું સુખ કર્મથી નિરપેક્ષ પોતાના સ્થિર સ્વરૂપમાં સંપૂર્ણ સ્થિરતા ધરાવતી પરિણતિપણે હોવાથી એકદમ સ્થિર હોય છે. વળી તે સંપૂર્ણ કર્મના ક્ષયે પરિપૂર્ણ સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થતી પરિપૂર્ણ પ્રગટતારૂપે હોય છે. આ રીતે સિદ્ધ ભગવવાનનું સુખ સ્થિર હોવાથી વધ-ઘટ વિનાનું અને પરિપૂર્ણ હોવાથી ઓછપ, ઊણપ કે આવરણ વિનાનું હોવાથી તે અહાનિવૃદ્ધિ છે.

જે સુખ અહાનિવૃદ્ધિવાળું હોય તે જ સાચું સુખ હોય છે. સાચું સુખ શુદ્ધ અને સ્વાભાવિક હોય છે. શુદ્ધ અને સ્વાભાવિક હોય તેવું સુખ સ્થિર અને સંપૂર્ણ હોય છે. સ્થિર અને સંપૂર્ણ હોય તેવા સુખને અહાનિવૃદ્ધિ કહેવાય છે. તેથી અહાનિવૃદ્ધિ હોય તે જ સાચું સુખ છે.

સંસારી જીવનું કહેવાતું સુખ કર્મના ક્ષયોપશયના આધીન હોય છે. કર્મનો ક્ષયોપશય એક સરખો ન રહેવાથી તે સમુદ્રના મોજાની જેમ અસ્થિર હોય છે. કર્માધીન આ

સુખની પ્રગટતામાં પણ વાદળાથી ઢંકાયેલ સૂર્યના પ્રકાશની માફક કર્માવરણ અનુસાર ઓછપ, ઊણપ કે આવરણ હોય છે. તેથી તે અપૂર્ણ હોય છે. આ રીતે કહેવાતું સાંસારિક સુખ અસ્થિર અને અપૂર્ણ હોવાથી સહાનિવૃદ્ધિવાળું છે અને સહાનિવૃદ્ધિવાળું સુખ એ સાચું સુખ હોતું નથી. જયારે તેનાથી વિરુદ્ધ સિદ્ધ ભગવાનનું સ્વાધીન સુખ પરિપૂર્ણ અને સ્થિર સ્વભાવમાં સંપૂર્ણ સ્થિરતાના કારણે સમુત્પન્ન હોય છે. પોતાનું સ્વરૂપ એકદમ શાંત અને નિશ્ચળ હોવાથી તેને સંપૂર્ણપણે અવલંબનારી પરિણતિ પણ શાંત સરોવરના જળની માફક એકદમ સ્થિર હોય છે. આ પરિણતિથી પ્રવર્તતું સુખ સંપૂર્ણ કર્માવરણના ક્ષયે ઉત્પન્ન થતું હોવાથી જેમ સંપૂર્ણ વાદળા વિલય પામતા સૂર્યનો પરિપૂર્ણ પ્રકાશ પ્રગટ થાય છે તેમ તે સુખ પણ પરિપૂર્ણ પ્રગટ થાય છે. આ રીતે સિદ્ધ ભગવાનનું આત્મિક સુખ એકદમ સ્થિર અને પરિપૂર્ણ હોવાથી અહાનિવૃદ્ધિવાળું છે અને અહાનિવૃદ્ધિવાળું હોય એવું જ સુખ એ સાચું સુખ હોય છે.

જે સુખ સર્વોત્તમ કે સર્વોત્કૃષ્ટ હોય તે શ્રેષ્ઠ છે સિદ્ધ ભગવાનનું અહાનિવૃદ્ધિવાળું સુખ સ્થિર અને સંપૂર્ણ હોવાથી તે સર્વોત્તમ કે સર્વોત્કૃષ્ટ છે અને તેથી તે શ્રેષ્ઠ છે. શ્રેષ્ઠ સુખ પસંદગીને પાત્ર હોય છે. સંસારનું સહાનિવૃદ્ધિવાળું અને મોક્ષનું અહાનિવૃદ્ધિવાળું એ બે પ્રકારના સુખમાંથી કોઈ એકની પસંદગી કરવાની હોય તો આપણે સહજપણે મોક્ષના અહાનિવૃદ્ધિવાળાં સુખને જ પસંદ કરીશું. તેથી સિદ્ધ ભગવાનનું અહાનિવૃદ્ધિવાળું સુખ એ જ શ્રેષ્ઠ છે તે નક્કી થાય છે.



પોતાનું ત્રિકાળી સ્વરૂપ શુદ્ધ, બુદ્ધ અને ચૈતન્યઘન છે. તેથી તે સ્થિર અને પરિપૂર્ણ સુખનો ભંડાર છે. સ્થિર અને પરિપૂર્ણ હોય તેને અહાનિવૃદ્ધિ કહેવાય છે. આવા અહાનિવૃદ્ધિ સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થતું સુખ પણ અહાનિવૃદ્ધિ હોય છે. સ્થિર અને પરિપૂર્ણ હોય એવા અહાનિવૃદ્ધિ સુખની પ્રગટતા માટે પોતાના અહાનિવૃદ્ધિ સ્વભાવની ઓળખાણ અને આશ્રય આવશ્યક છે. આવા સ્વભાવની શીઘ્ર ઓળખાણ કરી તેનો આશ્રય કરવો જોઈએ એવો સદુપદેશ ફરમાવતા શ્રીમદ્ રાજચંદ્ર કહે છે –

**શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ,**
**બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.**

ભાવાર્થ : પોતાના આત્મસ્વભાવનું સ્વરૂપ શુદ્ધ, બુદ્ધ અને ચૈતન્યઘન છે. તેથી તે પોતે જ અનંતજ્ઞાનની જયોતિ છે તેમજ સ્થિર અને પરિપૂર્ણ સુખનું ધામ છે. પોતે જ આ સ્વરૂપના વિચાર દ્વારા તેનો નિર્ણય કરીને તેમાં સ્થિતિ કરે તો તેવા જ સ્થિર અને પરિપૂર્ણ સુખની પ્રગટતા થાય છે. માટે વધારે શું કહીએ ? (આત્મસિદ્ધિ : ગાથા ૧૧૭)

### ૪. શાશ્વત

**સાદિ-અનંત કાયમી હોય તેવા સંપૂર્ણ સુખને શાશ્વત કહે છે.**

સિદ્ધ ભગવાનનું સુખ આત્માધીન, અતીન્દ્રિય અને અહાનિવૃદ્ધિ છે. તે એક વાર પ્રગટયા પછી કાયમ માટે સાદિ-અનંતકાળ સુધી એકધારૂં સ્થિર અને પરિપૂર્ણપણે પ્રવર્તયા કરે છે. તેથી તે શાશ્વત છે.

જે શાશ્વત હોય તેવું જ સુખ એ સાચું સુખ હોય છે. સાચું સુખ સ્વાભાવિક હોય છે. પોતાનો સ્વભાવ સ્થિર, પરિપૂર્ણ અને કાયમી એટલે કે શાશ્વત છે. આવા શાશ્વત સ્વભાવના આશ્રયે પ્રગટતું સિદ્ધ ભગવાનનું સુખ પણ શાશ્વત હોય છે અને શાશ્વત હોવાથી તે અસલી, વાસ્તવિક કે સત્ય સુખ છે.

સંસારી જીવનું કહેવાતું ઈન્દ્રિય વિષયજન્ય સાંસારિક સુખ તે સ્વાભાવિક હોતું નથી અને વૈભાવિક હોય છે. આવું વૈભાવિક સુખ પુણ્યોદય અનુસાર હાનિવૃદ્ધિ પામનારૂં હોય છે અને પાપના ઉદયથી ચ્યૂત થનારૂં હોય છે. તેથી તે અસ્થિર, અપૂર્ણ અને ક્ષણિક હોવાથી અશાશ્વત છે. આવું અશાશ્વત સુખ એ સાચું સુખ કહેવાય નહિ. જયારે તેનાથી વિરુદ્ધ સિદ્ધ ભગવાનનું અતીન્દ્રિય આત્માધીન આત્મિક સુખ એ સ્વાભાવિક સુખ છે. આવું સ્વાભાવિક સુખ વિભાવના આત્યંતિક અભાવપૂર્વક શાશ્વત સ્વભાવના સંપૂર્ણ આશ્રયે ઉત્પન્ન થતું હોવાથી શાશ્વત હોય છે. આવું શાશ્વત સુખ જ સાચું સુખ કહેવાય છે.

જે સુખ સ્થિર, સંપૂર્ણ અને કાયમી હોય તે શ્રેષ્ઠ હોય છે. સિદ્ધ ભગવાનનું શાશ્વત સુખ, સ્થિર, સંપૂર્ણ અને કાયમી હોવાથી તે શ્રેષ્ઠ હોય છે. શ્રેષ્ઠ સુખ પસંદગીને પાત્ર હોય છે. સિદ્ધ ભગવાનનું શાશ્વત સુખ અને સંસારી જીવનું અશાશ્વત સુખ એ બેમાંથી કોઈ એકની પસંદગી કરવાની

હોય તો તેમાં શાશ્વત સુખની જ પસંદગી થાય છે. તેથી જે શાશ્વત હોય એ જ સુખ શ્રેષ્ઠ હોય છે તેમ સાબિત થાય છે.

જીવનો રાગાદિ ભાવ જીવને ગમતો નથી અને ટકતો નથી. તેથી રાગાદિ જીવનો સ્વભાવ નથી અને વિભાવ છે. રાગરૂપ વિભાવ કર્મને આધીન હોવાથી અસ્થિર હોય છે. વિભાવથી પાછું વળી શકાતું હોવાથી તે મર્યાદિત હોય છે અને વિભાવ ટાળી શકાતો હોવાથી ક્ષણિક હોય છે. આવો અસ્થિર, મર્યાદિત અને ક્ષણિક હોય તેવો વિભાવ અશાશ્વત કહેવાય છે. અશાશ્વત વિભાવ જીવને પ્રતિકૂળ હોવાથી દુઃખરૂપ હોય છે. પણ જીવનો વીતરાગ ભાવ જીવને ગમે છે અને કાયમ ટકે છે. તેથી વીતરાગભાવ એ જીવનો સ્વભાવ છે અને વિભાવ નથી. વીતરાગી સ્વભાવ સ્વાશ્રિત હોવાથી સ્થિર હોય છે. આ સ્વભાવનું સામર્થ્ય અનંત હોવાથી તે અમર્યાદિત હોય છે. આવો સંપૂર્ણ વીતરાગભાવ પ્રગટ્યા પછી તેમાં કોઈ વિકારનું કારણ ન રહેવાથી તે કાયમી હોય છે. આવો સ્થિર, અમર્યાદિત અને કાયમી હોય તેવો સ્વભાવ શાશ્વત કહેવાય છે. શાશ્વત સ્વભાવ જીવને અનુકૂળ હોવાથી સુખરૂપ હોય છે.



સંસાર દશાના રાગ રૂપ વિભાવના દુઃખને ટાળવા માટે અને સિદ્ધ દશાના વીતરાગરૂપ સ્વભાવના સુખને પામવા માટે રાગરૂપ વિભાવનો સમૂળગો નાશ જરૂરી છે. મોક્ષમાર્ગી મહાત્મા જયારે અંતિમ કષાયકણ એવા સૂક્ષ્મ લોભના રાગરૂપ વિભાવનો પણ જયારે આત્યંતિક અભાવ કરે છે ત્યારે સંપૂર્ણ વીતરાગભાવરૂપ યથાખ્યાત ચારિત્ર એટલે કે સૂક્ષ્મ ચારિત્ર પ્રગટે છે. આ સૂક્ષ્મ ચારિત્રરૂપ સંપૂર્ણ વીતરાગભાવ જ શાશ્વત સુખનું ધામ છે. શાશ્વત સુખના સાધનરૂપ સૂક્ષ્મ ચારિત્રની પ્રગટતા માટે આધિ-વ્યાધિ-ઉપાધિથી રહિત સ્વરૂપની સંપૂર્ણ વિશ્રાંતિરૂપ સૂક્ષ્મ સમાધિ જરૂરી છે. આચાર્યશ્રી યોગીન્દ્રદેવ આવા શાશ્વત સુખને પ્રગટાવવાનો ઉપદેશ અને ઉપાય બતાવતા કહે છે –

(દોહરો)

**સૂક્ષ્મ લોભના નાશથી, જે સૂક્ષ્મ પરિણામ,**
**જાણો સૂક્ષ્મ-ચરિત્ર તે, જે શાશ્વત સુખધામ.**

ભાવાર્થ : સ્વરૂપની સંપૂર્ણ વિશ્રાંતિરૂપ સૂક્ષ્મ સમાધિથી અંતિમ કષાયકણ એવા સૂક્ષ્મ લોભનો પણ નાશ થાય છે. સૂક્ષ્મ લોભનો નાશ થવાથી આત્માના જે સૂક્ષ્મ પરિણામ એટલે કે સંપૂર્ણ વીતરાગભાવ ઉત્પન્ન થાય છે તેને યથાખ્યાત ચારિત્રરૂપ સૂક્ષ્મ ચારિત્ર કહે છે. આવું સંપૂર્ણ વીતરાગભાવરૂપ સૂક્ષ્મ ચારિત્ર જ જીવના શાશ્વત સુખનું ધામ છે.

(યોગસાર : દોહરો ૧૦૩)

## ૫. અવિચ્છિન્ન

**કોઈ પણ પ્રકારના કાપ, છેદ, વિભાગ કે અંતરાય વિના સમગ્રતયા સતતપણે ભોગવાતા સંપૂર્ણ સુખને અવિચ્છિન્ન કહે છે.**

સિદ્ધ ભગવાનનું સુખ નિજ શુદ્ધાત્માના સંપૂર્ણ આશ્રયે ઉત્પન્ન થયેલું છે. શુદ્ધાત્માનું સ્વરૂપ પરિપૂર્ણ, કાયમી, એકરૂપ અને અખંડ હોવાથી તેના આશ્રયે ઉત્પન્ન થતું સુખ પણ પરિપૂર્ણ કાયમી, એકરૂપ અને અખંડ હોય છે. વળી આ સુખ પ્રગટ થવામાં સંપૂર્ણ કર્મોનો સર્વથા ક્ષય હોય છે. તેથી આવા સુખને સમગ્રતયા સતતપણે ભોગવવામાં કોઈ કાપ, છેદ, વિભાગ કે અંતરાય ઊભો થતો નથી. પોતાના આવા સુખને સિદ્ધ ભગવાન સતતપણે અને સમગ્રપણે કોઈપણ અંતરાય વિના ભોગવતા હોવાથી તે અવિચ્છિન્ન છે.

જે શુદ્ધ અને સ્વાભાવિક હોય તે જ સાચું સુખ હોય છે. જેમાં કોઈ કર્મની અપેક્ષા કે આવરણ કે અંતરાય ન હોય તેવા સુખને શુદ્ધ કહે છે અને પોતાના સ્વભાવ જેવા અખંડ, એકરૂપ, કાયમી અને પરિપૂર્ણ સુખને સ્વાભાવિક કહે છે. સિદ્ધ ભગવાનનું સુખ શુદ્ધ સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થતું શુદ્ધ અને સ્વાભાવિક હોય છે. શુદ્ધ અને સ્વાભાવિક હોય તેવું સુખ અવિચ્છિન્ન હોય છે. અને આવું અવિચ્છિન્ન સુખ એ જ સાચું સુખ છે.

સંસારી જીવનું કહેવાતુ સુખ કર્મના ક્ષયોપશમ અને પુણ્યોદયને આધીન હોય છે. કર્મનો ક્ષયોપશમ એકસરખો હોતો નથી અને સતતપણે બદલાયા કરે છે. અને પુણ્યોદય પણ એકધારો હોતો નથી અને પાપોદય તેને ચ્યૂત પણ કરી નાંખે છે. તેથી કર્માધીન અશુદ્ધોપયોગથી નિષ્પન્ન સંસારી જીવનું કહેવાતું સુખ વિચ્છિન્ન હોય છે. અને જે વિચ્છિન્ન હોય તે સ્વાભાવિક સત્ય સુખ હોઇ શકે નહિ.

સિદ્ધ ભગવાનનું આત્મિક સુખ કર્મથી નિરપેક્ષ શુદ્ધ સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થતું શુદ્ધ અને સ્વાભાવિક છે. આવું સુખ એકરૂપ, અખંડિત અને નિરંતર ધારાપ્રવાહે પરિપૂર્ણ પ્રવર્ત્યા કરે છે. તેથી સ્વાધીન શુદ્ધોપયોગથી

નિષ્પન્ન સિદ્ધ ભગવાનનું સુખ અવિચ્છિન્ન હોય છે. અને જે અવિચ્છિન્ન હોય તે જ સાચું સુખ હોય છે.

જે સુખ પરિપૂર્ણ, કાયમી અને કોઈપણ અંતરાય વિના નિરંતર એકરૂપ અખંડ ધારાપ્રવાહે પ્રવર્તે તેને શ્રેષ્ઠ કહેવાય છે. સિદ્ધ ભગવાનનું અવિચ્છિન્ન સુખ સંપૂર્ણ, કાયમી, એકરૂપ અને અખંડ હોવાથી તે શ્રેષ્ઠ છે. શ્રેષ્ઠ સુખ પ્રથમ પસંદગીને પાત્ર હોય છે. સિદ્ધ ભગવાનનું વાસ્તવિક અવિચ્છિન્ન સુખ અને સંસારી જીવનું કહેવાતું વિચ્છિન્ન સુખ એ બેમાંથી કોઈ પણ એક પ્રકારના સુખની પસંદગી કરવાની હોય તો કોઈ પણ જીવ અવિચ્છિન્ન સુખની જ પસંદગી કરશે. તેથી આવું અવિચ્છિન્ન સુખ એ જ શ્રેષ્ઠ છે તે સિદ્ધ થાય છે.

અખંડ સુખની પ્રાપ્તિ માટે આત્માના અખંડ સ્વરૂપની ઓળખાણ અને આશ્રય આવશ્યક છે. અજ્ઞાની જીવને અનાદિકાળથી પોતાના અખંડ, એકરૂપ, અભેદ આત્માની ઓળખાણ નથી. છદ્મસ્થની ભૂમિકામાં સીધો અભેદ આત્મા દૃષ્ટિમાં આવતો ન હોવાથી ભેદરૂપ વ્યવહાર હોય છે. ભેદરૂપ વ્યવહાર વડે પ્રયત્ન કરીને અભેદરૂપ નિશ્ચય સુધી પહોંચવાનું હોય છે. પણ અભેદ આત્માના ભેદરૂપ વ્યવહારને જ આત્માનું અસલી સ્વરૂપ માની લેવું મિથ્યા છે. પોતાના આત્માને અભેદ, અખંડ અને એકરૂપ જોવો તે જ નિશ્ચય નય છે, તે જ દ્રવ્યદૃષ્ટિ છે અને તે જ સમ્યગ્દર્શન, મોક્ષમાર્ગ અને મોક્ષનું કારણ છે. અને પોતાના આત્માને ભેદરૂપ, ખંડરૂપ કે અનેક રૂપ જોવો તે વ્યવહારનયનો વિષય છે, આવા વ્યવહારને જ પરમાર્થ માની લેવો તે પર્યાયદૃષ્ટિ છે અને તે જ મિથ્યાત્વ, બંધમાર્ગ અને સંસારનું કારણ છે.



આત્માના એકરૂપ, અખંડ અને અભેદ સ્વરૂપને સમજવા માટે આત્માના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ ભેદચતુષ્ટય હોય છે. પણ જેમ કેરીના રેષા, રસ, છોતરા અને ગોટલા રૂપ ભિન્નભિન્ન ચાર અંશો હોય છે તેમ આત્માના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપ ભિન્ન ભિન્ન ચાર અંશો નથી. પરંતુ જેમ એક જ કેરી સ્પર્શ-રસ-ગંધ-વર્ણરૂપ ચાર અભિન્ન અંશો ધરાવે છે તેમ એક જ આત્મા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ ચાર અભિન્ન અંશો ધરાવે છે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી કે ભાવથી કોઈપણ અપેક્ષાએ આત્મા એક જ છે, અભેદ છે, અખંડ છે, વ્યવહારથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ભેદ કે તેના પણ વધુ ભેદ હોય છે તે અભેદને ઓળખવા અને અભેદ સુધી પહોંચવા માટે જ હોય છે.

આત્માના ચૈતન્યપિંડરૂપ અભેદ સ્વદ્રવ્યને સમજવા માટે વ્યવહારથી તેના અનંતગુણોના ભેદ હોય છે. આત્માના શરીરપ્રમાણ અખંડ સ્વક્ષેત્રને સમજવા માટે વ્યવહારથી તેના લોકાકાશપ્રમાણ અસંખ્ય પ્રદેશો હોય છે. આત્માના અનાદિ અનંત એકપ્રવાહરૂપ સ્વકાળને સમજવા માટે વ્યવહારથી તેના ત્રિકાળવર્તી અનંતપર્યાયોના ભેદ હોય છે. આત્માના અખંડ એકરૂપ સામાન્ય સ્વભાવને સમજવા માટે વ્યવહારથી તેના શુભાશુભભાવોરૂપ અનેક ભાવરૂપ ભેદો હોય છે. આ રીતે વ્યવહારથી એક જ અભેદ આત્માના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તેમ જ ગુણોથી, પ્રદેશોથી, પર્યાયોથી, ભાવોથી કે બીજી કોઈ પણ રીતે જે કોઈ ભેદો પડે તો ભલે પડે પણ નિશ્ચયથી શુદ્ધ ચૈતન્યમય આત્મામાં કોઈ ભેદ નથી. છદ્મસ્થજીવ પ્રાથમિક ભૂમિકામાં સીધો અભેદને સમજી શકતો ન હોવાથી અભેદ આત્માના ભેદરૂપ વ્યવહાર હોય છે પણ ભેદરૂપ વ્યવહારનું પ્રયોજન અભેદરૂપ નિશ્ચય સુધી પહોંચવાનું હોય છે. પણ જે ભેદમાં જ અટકી જાય છે અને ભેદરૂપ આત્માને જ તેનું અસલી સ્વરૂપ માને છે તેને અભેદ આત્માની અનુભૂતિ ક્યારેય થતી નથી. ભેદના આશ્રયે મુખ્ય-ગૌણ હોય છે, મનનો સંગ હોય છે અને નયનું અવલંબન હોય છે. તેથી રાગની ભૂમિકાવાળા છદ્મસ્થ જીવને ભેદના આશ્રયે રાગરૂપ વિકલ્પોની જાળ ઊભી થાય છે. આ વિકલ્પોથી આકુળતા અને દુઃખની જ પ્રાપ્તિ છે. નિર્વિકલ્પ આત્માનુભૂતિ અને તેથી ઉત્પન્ન અનાકુળ અખંડ સુખની પ્રાપ્તિ માટે આત્માના અભેદ, અખંડ, એકરૂપ સ્વરૂપને જ લક્ષમાં લેવું જરૂરી છે. આત્માના અવિચ્છિન્ન કે અખંડ સુખની પ્રાપ્તિ માટે અખંડ આત્માની ઓળખાણ અને અનુભવ કરવાનો ઉપાય બતાવતા આચાર્યશ્રી અમૃતચંદ્ર કહે છે —

न द्रव्येण खण्डयामि, न क्षेत्रेण खण्डयामि, न कालेन खण्डयामि, न भावेन खण्डयामि; सुविशुद्ध एको ज्ञानमात्र भावोऽस्मि ।

ભાવાર્થ : શુદ્ધનિશ્ચયનયના આલંબન વડે હું મારા શુદ્ધાત્મસ્વરૂપને નથી દ્રવ્યથી ખંડિત કરતો, નથી ક્ષેત્રથી ખંડિત કરતો, નથી કાળથી ખંડિત કરતો કે નથી ભાવથી ખંડિત કરતો. હું મને એક સુવિશુદ્ધ જ્ઞાનમાત્ર ભાવ જ ભાસું છું.

અખંડ આત્માની ઓળખાણ અને અનુભવ માટે આ એકમાત્ર ઉપાય છે કે જેના કારણે અવિચ્છિન્ન સુખની પ્રાપ્તિ થાય છે. (સમયસાર : આત્મખ્યાતિ : પરિશિષ્ટ : શ્લોક ૨૭૦ અને ૨૭૧ વચ્ચેનું લખાણ)



### ૬. અક્ષુબ્ધ

**કોઈ પણ પ્રકારના ખળભળાટ, ગભરાટ, ભય કે વ્યગ્રતા વિનાના આત્મિક સુખને અક્ષુબ્ધ કહે છે.**

સિદ્ધ ભગવાનનું સુખ શુદ્ધાત્માની સ્વાશ્રિત પરિણતિએ પ્રગટેલું છે. પોતાનો શુદ્ધાત્મા અક્ષુબ્ધ હોવાથી તેના આશ્રયે પ્રગટ થયેલું સુખ પણ અક્ષુબ્ધ હોય છે. ક્ષુબ્ધતાનું કારણ પરસાપેક્ષતા હોય છે. પણ સિદ્ધ ભગવાનનું સુખ પરનિરપેક્ષ આત્માધીન પરિણતિએ પ્રવર્તતું હોવાથી તે અક્ષુબ્ધ હોય છે.

જે અક્ષુબ્ધ હોય તેવું જ સુખ સાચું હોય છે. સાચું સુખ આત્મિક હોય છે. પોતાના આત્માનો સ્વભાવ અક્ષુબ્ધ હોવાથી તેના આશ્રયે ઉત્પન્ન થતું આત્મિક સુખ પણ અક્ષુબ્ધ હોય છે. આત્મિક સુખ સાચું હોય છે. તેથી અક્ષુબ્ધ હોય તે જ સાચું સુખ હોય છે.

સંસારી જીવનું કહેવાતું સુખ કર્મના ક્ષયોપશયને આધીન હોવાથી ખળભળાટવાળું, કર્મબંધનું કારણ હોવાથી ગભરાટવાળું, પાપનો ઉદય ચ્યુત કરી નાખશે તેવા ભયવાળું અને પરવિષયોની સામગ્રીને શોધવાની વ્યગ્રતાવાળું છે. આવા સુખમાં આત્મપરિણતિ સદાય ઘૂમરી ખાતી રહેતી હોવાથી તે અક્ષુબ્ધ છે. ક્ષુબ્ધતા પોતે જ દુઃખ છે. તેથી આવું ક્ષુબ્ધ સુખ એ સાચું સુખ કહેવાય નહીં. જ્યારે સિદ્ધ ભગવાનનું આત્મિક સુખ કોઈપણ બાહ્ય બાબતોની સહાય વિના એકમાત્ર આત્માધીન આત્માનુભવના પ્રભાવ વડે નિશ્ચય આત્મપરિણતિએ પ્રવર્તતું હોવાથી તે અક્ષુબ્ધ છે. અક્ષુબ્ધતા પોતે જ સુખ છે. તેથી જે અક્ષુબ્ધ હોય તે જ સાચું સુખ છે.

જે સુખ કોઈ પણ પ્રકારના ખળભળાટ, ગભરાટ, ભય કે વ્યગ્રતા વિનાનું હોય તે જ શ્રેષ્ઠ કહેવાય. સિદ્ધ ભગવાનનું અક્ષુબ્ધ સુખ આવું હોવાથી તે શ્રેષ્ઠ છે. શ્રેષ્ઠ સુખ પસંદગીને પાત્ર છે. ક્ષુબ્ધ અને અક્ષુબ્ધ એ બેમાંથી કોઈ એક સુખની પસંદગી કરવાની હોય તો આપણે અક્ષુબ્ધ સુખની જ પસંદગી કરીએ છીએ. તેથી અક્ષુબ્ધ સુખ જ શ્રેષ્ઠ છે તેમ સ્વીકારી શકાય છે.

રાત્રે ફરનારા બિલાડી, ઘુવડ જેવા નિશાચર પ્રાણીઓની દૃષ્ટિ પોતે જ અંધકારને ભેદનાર સ્વયં પ્રકાશિત સ્વભાવવાળી છે. તો તેને પ્રકાશ માટે દીપકાદિનું શું પ્રયોજન છે ? એટલે કે કોઈ પ્રયોજન નથી. તેમ પોતાનો શુદ્ધાત્મા પોતે જ અનાદિના દુઃખને ટાળનાર સ્વયં સુખસ્વભાવી છે. તો તેને પોતાના સુખ માટે બાહ્ય બાબતોનું શું પ્રયોજન છે ? અર્થાત્ કોઈ પ્રયોજન નથી. આવું સમજતો જ્ઞાની પોતાના અક્ષુબ્ધ આત્મસ્વભાવમાં સ્થિત રહી પોતાના અક્ષુબ્ધ આત્મિક સુખની પ્રગટતા કરે છે. આ બાબત આચાર્યશ્રી કુંદકુંદના શબ્દોમાં —

(હરિગીત)

**જો દૃષ્ટિ પ્રાણીની તિમિરહર, તો કાર્ય છે નહિ દીપથી;**
**જ્યાં જીવ સ્વયં સુખ પરિણમે, વિષયો કરે છે શું તહીં ?**

ભાવાર્થ : જો પ્રાણીની દૃષ્ટિ પોતે જ તિમિરનાશક છે તો તેને અંધકાર દૂર કરી પ્રકાશ મેળવવા માટે દીવાનું શું પ્રયોજન છે ? અર્થાત કોઈ પ્રયોજન નથી. દીવા વગર જ તે જાણી શકે છે. તો આત્મા પોતે જ સ્વયમેવ સુખસ્વભાવી છે તો તેને દુઃખ દૂર કરી પોતાના સુખ માટે પરવિષયોનું શું પ્રયોજન છે ? એટલે કે કોઈ પ્રયોજન નથી. પરવિષયો વગર જ તે સુખી થઈ શકે છે. (આત્મિક સુખ પરવિષયોથી નિરપેક્ષ હોવાથી પોતાના સુખ માટે પરવિષયોને મેળવવાની વ્યગ્રતા રાખવાની જરાય જરૂર નથી. અક્ષુબ્ધ આત્મસ્વભાવના આશ્રયે જ અક્ષુબ્ધ સુખ પ્રગટે છે.) (પ્રવચનસાર : ગાથા ૬૭)


### ૭. નિઃપ્રતિપક્ષ

**વિરોધી, પ્રતિપક્ષી કે વિપક્ષની ઉત્પત્તિ વિનાના સુખને નિઃપ્રતિપક્ષ કહે છે.**

સિદ્ધ ભગવાનનું સુખ આત્માધીન છે અને કર્માધીન નથી. તેથી તે અન્ય કોઈના આધારે કે આશ્રયે નથી. તેથી તેને અન્ય કોઈ વડે ચ્યૂત કરી શકાતું નથી. તેથી તે પ્રતિપક્ષની ઉત્પત્તિ વિનાનું છે. તેથી તે નિઃપ્રતિપક્ષ છે.

જે નિઃપ્રતિપક્ષ હોય તે જ સુખ સાચું હોય છે. જે સુખ પ્રતિપક્ષવાળું હોય તો તે વિપક્ષ કે વિરોધીની ઉત્પત્તિવાળું હોય છે. અને આવા સુખને સામાવળિયો શત્રુ હાનિ પહોંચાડે છે કે તેનો નાશ પણ કરે છે. તેથી આવું

પ્રતિપક્ષવાળું હોય તે સુખ સાચું કહેવાય નહિ. પણ જે સુખને કોઈ હાનિ પહોંચાડી ન શકે કે તેનો નાશ કરી ન શકે તેવું નિઃપ્રતિપક્ષ સુખ જ સાચું કહેવાય.



સંસારી જીવનું કહેવાતું સાંસારિક સુખ શાતાવેદનીયકર્મના ઉદયને આધીન હોય છે અને અશાતાવેદનીયકર્મનો ઉદય તેને હાનિ પહોંચાડે છે કે તેનો નાશ પણ કરે છે. તેથી તે વિપક્ષની ઉત્પત્તિવાળું હોવાથી સપ્રતિપક્ષ છે. આવું સપ્રતિપક્ષ હોય તે સુખ સાચું હોઇ શકે નહીં. જયારે સિદ્ધ ભગવાનનું સુખ અન્ય કોઈને આધીન નથી અને એક માત્ર પોતાના આત્માને જ આધીન છે. આવું સુખ કોઈની મહેરબાની કે કોઇના આધારે ન હોવાથી તેને કોઈ હાનિ પહોંચાડી શકતું નથી કે તેનો કોઈ નાશ કરી શકતું નથી. આવા સુખનો કોઈ પ્રતિપક્ષી ન હોવાથી તે નિરંતર નિર્બાધપણે ભોગવાય છે. આવું નિઃપ્રતિપક્ષ હોઇ તે જ સુખ સાચું કહેવાય છે.

**પ્રશ્ન :** જગતની કોઈ પણ બાબત પ્રતિપક્ષ વિનાની હોતી નથી. તો પછી સિદ્ધ ભગવાનનું સુખ નિઃપ્રતિપક્ષ કઈ રીતે ?

**ઉત્તર :** સૈદ્ધાંતિક રીતે કોઈ બાબત પ્રતિપક્ષ વિનાની હોતી નથી. તેથી સિદ્ધ ભગવાનના આત્મિક સુખનો પણ પ્રતિપક્ષ છે અને તે સંસારી જીવનું સાંસારિક સુખ છે. આત્મિક સુખ અને સાંસારિક સુખ એકબીજાના વિરોધી છે. પણ સિદ્ધ ભગવાનનું આત્મિક સુખ એ સાંસારિક સુખનો સંપૂર્ણપણે 'પરાભવ કરીને પ્રગટ થયેલું છે. એકવાર સિદ્ધ દશા પ્રગટ થયા પછી ફરી પાછી સંસાર દશા કયારેય સંભવતી નથી. તેથી એ રીતે સિદ્ધ ભગવાનનું આત્મિક સુખ પ્રતિપક્ષ વિનાનું છે. બીજી રીતે જોઈએ તો આત્મિક સુખ અને સાંસારિક સુખ પરસ્પર પ્રતિપક્ષ છે. તોપણ આત્મિક સુખ સ્વાધીન હોવાથી તે રીતે નિઃપ્રતિપક્ષ છે અને સાંસારિક સુખ પરાધીન હોવાથી તે રીતે સપ્રતિપક્ષ છે.

જે સુખનો કોઈ વિરોધી કે શત્રુ ન હોય તે જ શ્રેષ્ઠ કહેવાય. સિદ્ધ ભગવાનનું નિઃપ્રતિપક્ષ સુખ કોઈ વિરોધી, પ્રતિપક્ષી કે વિપક્ષની ઉત્પત્તિ વિનાનું હોવાથી શ્રેષ્ઠ છે. શ્રેષ્ઠ સુખ પ્રથમ કક્ષાનું કે ઉત્તમ કોટીનું હોય છે. નિઃપ્રતિપક્ષ સુખ પ્રથમ કક્ષાનું અને ઉત્તમ કોટિનું હોવાથી તે શ્રેષ્ઠ છે.

મોક્ષ અને સંસાર એકબીજાના પ્રતિપક્ષી કે વિરોધી છે. મોક્ષનું કારણ પોતાનો પુરુષાર્થ છે અને સંસારનું કારણ આઠ કર્મ અને તેમાં પણ મોહ છે. મોહ હણાતા સઘળાં ઘાતિકર્મો હણાય છે. અનાદિકાળથી મોહની પ્રબળતાના કારણે મોક્ષના સુખની પ્રગટતા થતી નથી. પણ જો એકવાર પણ પોતાનો પુરુષાર્થ પ્રબળ કરે તો તેના કારણે મોહ અને મોહજન્ય સંસારનો સદંતર વિનાશ થાય છે કે ફરી પાછો મોહનો અંકુર પણ ઉત્પન્ન થતો નથી. અને તેથી સિદ્ધ દશાનું નિઃપ્રતિપક્ષ સુખ પ્રગટે છે. તેથી જેણે સિદ્ધ દશાનું નિઃપ્રતિપક્ષ સુખ પ્રગટ કરવું હોય તો તેણે આવા સુખના શત્રુ એવા મોહને પોતાના પુરુષાર્થના બળ વડે નિર્દયપણે હણવો જોઈએ. આ બાબત આચાર્ય શ્રી કુંદકુંદના શબ્દોમાં —

(હરિગીત)

**હણી મોહગ્રંથિ, ક્ષય કરી રાગાદિ, સમસુખદુઃખ જે**
**જીવ પરિણમે શ્રામણ્યમાં, તે સૌખ્ય અક્ષયને લહે.**

ભાવાર્થ : જે જીવ પોતાના અપ્રતિમ પુરુષાર્થ વડે મોહગ્રંથિનો નાશ કરે છે તેને મોહગ્રંથિ જેનું મૂળ છે એવા રાગદ્વેષનો ક્ષય થાય છે. રાગદ્વેષનો ક્ષય થવાથી સુખદુઃખમાં સમભાવ થાય છે. સુખદુઃખમાં સમભાવ ધરાવતો જીવ શ્રામણ્યમાં પરિણમે છે અને શ્રામણ્યમાં પરિણમેલો જીવ થોડા જ કાળમાં સિદ્ધ દશાના અક્ષય અનંત હોય તેવું નિઃપ્રતિપક્ષ સુખ પ્રાપ્ત કરે છે. (માટે જેણે સિદ્ધ ભગવાન જેવું નિઃપ્રતિપક્ષ સુખ પ્રાપ્ત કરવું હોય તેણે પોતાના પુરુષાર્થને પ્રબળ કરી મોહને હણવાનો ઉપાય કરવો.) (પ્રવચનસાર : ગાથા ૧૯૬)

## ૮. નિરુપાધિક

**આધિ-વ્યાધિ-ઉપાધિથી રહિત સ્વરૂપની સમાધિથી સમુત્પન્ન સુખને નિરુપાધિક કહે છે.**

સિદ્ધ ભગવાનનું સુખ આધિ-વ્યાધિ-ઉપાધિથી તદ્દન રહિત અને સ્વરૂપવિશ્રાંત નિસ્તરંગ સમાધિ સહિતનું હોવાથી નિરુપાધિક છે.

જે નિરુપાધિક હોય એ જ સાચું સુખ હોય છે. આધિ-વ્યાધિ-ઉપાધિ એ દુઃખનું જ સ્વરૂપ છે અને સ્વરૂપની સમાધિ એ જ સુખનું સ્વરૂપ છે. તેથી જે સોપાધિક હોય એ કોઈ સુખનું સ્વરૂપ જ નથી અને જે નિરુપાધિક હોય એ જ વાસ્તવિક સુખ છે.

સંસારી જીવનું કહેવાતું સુખ કોઈ ને કોઈ પ્રકારની માનસિક ચિંતારૂપ આધિ, શારીરિક રોગરૂપ વ્યાધિ કે પારકી પળોજણ, જંજાળ કે બોજારૂપ ઉપાધિથી સહિતનું હોય છે. તેથી સંસારી જીવનું આવું સુખ સોપાધિક છે. સોપાધિક હોવાથી તે કોઈ સાચું સુખ નથી. જ્યારે સિદ્ધ ભગવાનનું સ્વાભાવિક સુખ આધિ-વ્યાધિ-ઉપાધિના અત્યંત અભાવપૂર્વકનું અને સ્વરૂપની સંપૂર્ણ સમાધિથી નિષ્પન્ન હોય છે. તેથી સિદ્ધ ભગવાનનું આવું સુખ નિરૂપાધિક છે. નિરૂપાધિક હોવાથી તે જ સાચું સુખ છે.



જે સુખ આધિ-વ્યાધિ-ઉપાધિથી રહિત હોય એવું નિરૂપાધિક સુખ જ શ્રેષ્ઠ કહેવાય. સિદ્ધ ભગવાનનું સુખ નિરૂપાધિક હોવાથી શ્રેષ્ઠ છે. શ્રેષ્ઠ સુખ આદરણીય હોય છે. સિદ્ધ ભગવાનનું નિરૂપાધિક સુખ જ આદરણીય હોવાથી તે શ્રેષ્ઠ છે.

સમસ્ત સંસાર આધિ-વ્યાધિ-ઉપાધિથી [૯]ગ્રસ્ત અને [૧૦]ત્રસ્ત છે. આધિ-વ્યાધિ-ઉપાધિજન્ય સંસાર અને તેના દુ:ખોને ટાળવાનો એક માત્ર ઉપાય સ્વરૂપની સમાધિ છે. સ્વરૂપની સમાધિથી મોક્ષ અને તેના નિરૂપાધિક સુખની પ્રાપ્તિ થાય છે. સ્વરૂપની સમાધિ માટે પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનસંબંધી વ્યાપારનો તેમ જ શુભાશુભરાગ સંબંધી વિકલ્પોનો તદ્દન ત્યાગ કરી સંપૂર્ણ વીતરાગભાવ વડે નિરૂપાધિક નિજસ્વરૂપનું ધ્યાન કરવું જરૂરી છે. તેનાથી જ નિરૂપાધિક શુદ્ધાત્માની અને તેથી થતા નિરૂપાધિક સુખની પ્રાપ્તિ થાય છે. આચાર્યશ્રી કુંદકુંદના શબ્દોમાં ---

(હરિગીત)

**વચનોચ્ચારણ કિરિયા તજી, વીતરાગ નિજ પરિણામથી**
**ધ્યાવે નિજાત્મા જેહ, પરમ સમાધિ તેને જાણવી.**

ભાવાર્થ : વચનોચ્ચારણની ક્રિયા પરિત્યાગીને વીતરાગભાવથી જે પોતાના શુદ્ધાત્માને ધ્યાવે છે તેને પરમ સમાધિ કહે છે. (આવી પરમ સમાધિ જ નિરૂપાધિક પરમ સુખની પ્રાપ્તિનું કારણ છે.) (નિયમસાર : અધિકાર ૯ : પરમ સમાધિ અધિકાર : ગાથા ૧૨૨)

## ૯. સમંત


**અમુક ઈન્દ્રિય અને તે સંબંધી આત્મપ્રદેશોને બદલે સર્વ આત્મપ્રદેશો દ્વારા પ્રવર્તતા પ્રત્યક્ષ જ્ઞાન અને તે સંબંધી સુખને સમંત કહે છે.**

સિદ્ધ ભગવાનનું આત્મિક અતીન્દ્રિય સુખ સંપૂર્ણ આત્મપ્રદેશો દ્વારા પ્રત્યક્ષ જ્ઞાનોપયોગરૂપે વ્યાપ્ત થઈને પરિપૂર્ણ પ્રવર્તતું હોવાથી તે સમંત છે.

જે સમંત હોય તે જ સુખ સાચું હોય છે. સાચું સુખ એ આત્મપ્રદેશો દ્વારા પ્રવર્તે છે. સર્વ આત્મપ્રદેશો દ્વારા પ્રવર્તતા અતીન્દ્રિયજ્ઞાન અને તેની સાથે સંબંધિત અતીન્દ્રિયસુખને સમંત કહેવાય છે. સર્વ આત્મપ્રદેશો દ્વારા પ્રવર્તતા જ્ઞાન અને સુખને કોઈ પરની અપેક્ષા હોતી નથી અને તેથી તે સ્વાધીન પરિણતિએ સ્વયં ઊપજે છે. સર્વ આત્મપ્રદેશો દ્વારા સ્વાધીન પરિણતિએ પ્રવર્તતું સમંત જ્ઞાન સમસ્ત પદાર્થોમાં અક્રમે અને યુગપત વ્યાપીને પ્રત્યક્ષ પ્રવર્તતું હોવાથી તેની સાથે સંબંધિત સમંત સુખ પણ પ્રત્યક્ષ અને પરિપૂર્ણ હોય છે. આવું સર્વ આત્મપ્રદેશો દ્વારા પ્રવર્તતું પરિપૂર્ણ અને પ્રત્યક્ષ સુખ એ જ સાચું સુખ હોય છે, જે સમંત સુખ કહેવાય છે.

સંસારી જીવનું ઈન્દ્રિયસુખ ઈન્દ્રિયજ્ઞાનને આધીન હોય છે. ઈન્દ્રિયજ્ઞાન જે તે કર્મના ક્ષયોપશમ અનુસાર જે તે ઈન્દ્રિયદ્વાર દ્વારા તેને સંલગ્ન આત્મપ્રદેશો દ્વારા વ્યાપીને પરોક્ષ જ્ઞાનોપયોગરૂપે પ્રવર્તે છે. આવું ઈન્દ્રિયજ્ઞાન અન્ય દ્વારોના આવરણને લીધે માત્ર અમુક દ્વાર દ્વારા જ પ્રવર્તે છે. જેમ કે, ચક્ષુ ઈન્દ્રિય દ્વારા પ્રવર્તતું જ્ઞાન માત્ર ચક્ષુ જેટલા દ્વાર દ્વારા અને તેને સંલગ્ન આત્મપ્રદેશો દ્વારા જ પ્રવર્તે છે અને અન્ય શ્રોત્ર, નાસિકા જેવા દ્વારો દ્વારા અને તેને સંલગ્ન આત્મપ્રદેશો દ્વારા પ્રવર્તતું નથી. ચક્ષુ ઈન્દ્રિય સાથે સંબંધિત આત્મપ્રદેશો માત્ર દેખવાનું જ કામ કરે છે અને સાંભળવાનું કે સૂંઘવાનું જેવા કામ કરતા નથી. તે રીતે અન્ય ઈન્દ્રિયો માટે પણ સમજવું. આ કારણે ઈન્દ્રિયજ્ઞાન અને તેની સાથે સંબંધિત ઈન્દ્રિયસુખ અમુક જ આત્મપ્રદેશો દ્વારા પ્રવર્તે છે અને સર્વ આત્મપ્રદેશો દ્વારા પ્રવર્તતું નથી. જે જ્ઞાન કે સુખ થાય છે તે આખા આત્માને જ થાય છે પણ તેનું પ્રવર્તન અમુક આત્મપ્રદેશો દ્વારા જ હોય છે. તેથી સંસારી જીવનું આવું જ્ઞાન અને સુખ અસમંત છે. અસમંત હોવાથી તે સાચું જ્ઞાન અને સુખ નથી. જ્યારે તેનાથી વિરુદ્ધ સિદ્ધ ભગવાનનું અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયસુખ કોઈપણ કર્મના આવરણ વગર [૧૧]અશેષ દ્વારો ખુલ્લા થયા હોઈને સમગ્ર આત્મપ્રદેશો દ્વારા વ્યાપીને પ્રત્યક્ષ જ્ઞાનોપયોગ અને પ્રત્યક્ષ સુખરૂપે પ્રગટ હોવાથી તે સમંત છે. સમંત હોવાથી તે જ સાચું જ્ઞાન અને સાચું સુખ છે.

જે જ્ઞાન અને સુખ સર્વ આત્મપ્રદેશો દ્વારા પ્રવર્તે તેવું હોય તેને જ શ્રેષ્ઠ કહેવાય. સિદ્ધ ભગવાનનું અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયસુખ સર્વ આત્મપ્રદેશો દ્વારા પ્રવર્તે તેવું સમંત હોવાથી શ્રેષ્ઠ છે. શ્રેષ્ઠ જ્ઞાન અતીન્દ્રિય, સ્વાધીન, અનંત પદાર્થોમાં



વિસ્તૃત, વિમળ અને અવગ્રહાદિના ક્રમથી રહિત હોય એવું અક્રમે પ્રવર્તતું હોય છે. આવા શ્રેષ્ઠ જ્ઞાન સાથે સંબંધિત શ્રેષ્ઠ સુખ પણ અતીન્દ્રિય, આત્માધીન, પરિપૂર્ણ, વિમળ અને અખંડિત હોય છે. સિદ્ધ ભગવાનનું સમંત જ્ઞાન અને સમંત સુખ આવું હોવાથી તે શ્રેષ્ઠ છે.

સંસારી જીવનું અમુક આત્મપ્રદેશો દ્વારા પ્રવર્તતું ઈન્દ્રિયજ્ઞાન અને તેની સાથે સંબંધિત ઈન્દ્રિયસુખ અસ**મં**ત હોવાથી અ**સં**મત છે. પણ સિદ્ધ ભગવાનનું સર્વ આત્મ પ્રદેશો દ્વારા પ્રવર્તતું અતીન્દ્રિય જ્ઞાન અને તેની સાથે સંબંધિત અતીન્દ્રિય સુખ સ**મં**ત હોવાથી **સં**મત (કબુલ, માન્ય, પસંદ) છે. આવા સમંત જ્ઞાન અને સમંત સુખને જ સાચું અને શ્રેષ્ઠ કહી તે પ્રગટ કરવાની પ્રેરણા આપતા આચાર્યશ્રી કુંદ કુંદ કહે છે—

(હરિગીત)

**સ્વયમેવ જાત સમંત, અર્થ અનંતમાં વિસ્તૃત ને**
**અવગ્રહ-ઈહાદિ રહિત, નિર્મળ જ્ઞાન સુખ એકાંત છે.**

ભાવાર્થ : સ્વયમેવ ઊપજતું, અનંત પદાર્થોમાં વિસ્તૃત, વિમળ અને અવગ્રહ-ઈહાદિના ક્રમથી રહિત હોય એવું સમંત જ્ઞાન અને તેની સાથે સંકળાયેલ સમંત સુખ જ પારમાર્થિકપણે એક માત્ર સાચું અને સર્વોત્કૃષ્ટ જ્ઞાન અને સુખ છે. (પ્રવચનસાર : ગાથા ૫૯)

### ૧૦. અવ્યાબાધ

કોઈ પણ પ્રકારની બાધા વિનાના સુખને **અવ્યાબાધ** કહે છે.

સિદ્ધ ભગવાનનું સુખ અંતર્બાહ્ય સઘળા પ્રકારની બાધાઓ વિનાનું હોવાથી અવ્યાબાધ છે. અંદરમાં આત્માના સુખને બાધા પહોંચાડનાર અનેક પ્રકારની ઈચ્છાઓ હોય છે. સિદ્ધ ભગવાનનું સુખ સઘળા પ્રકારની ઈચ્છાઓના અભાવપૂર્વક એકમાત્ર સ્વાભાવિક સહજ ચિદાકાર પરિણતિએ પ્રવર્તતું હોવાથી બાધા વિનાનું છે. બહારમાં આત્માના સુખને બાધા પહોંચાડનાર આઠેય પ્રકારના કર્મો છે. સિદ્ધ ભગવાનનું સુખ આઠેય પ્રકારના કર્મોના આત્યંતિક અભાવપૂર્વક નિર્બાધ આત્મસ્વભાવના આશ્રયે ઉત્પન્ન થતું હોવાથી બાધા વગરનું છે. આ રીતે સિદ્ધ ભગવાનનું સુખ અંતર્બાહ્ય સઘળાં પ્રકારની બાધાઓ વિનાનું હોવાથી અવ્યાબાધ છે.

જે અવ્યાબાધ હોય તે જ સુખ સાચું હોય છે. કોઈપણ પ્રકારની બાધા એ પોતાના સુખને હાનિ પહોંચાડનાર કે હણનાર હોય છે. તેથી બાધા સહિતનું હોય એવું અવ્યાબાધ સુખ એ કોઈ સાચું સુખ કહેવાય નહિ. પણ બાધા વગરનું હોય એવું અવ્યાબાધ સુખ એ જ સાચું સુખ કહેવાય.

સંસારી જીવનું કહેવાતું વિષયજન્ય સુખ અવ્યાબાધ હોવાથી સાચું સુખ હોઈ શકે નહિ. સંસારી જીવનું વિષયજન્ય સુખ જે તે પ્રકારની તૃષ્ણા સહિતનું હોય છે. તેથી ખાવાની ભૂખ લાગી હોય તો જ ખાવાથી સુખ થાય. પીવાની તરસ લાગી હોય તો જ પીવાથી સુખ થાય. આમ સંસારી જીવનું વિષયજન્ય સુખ ખાવાની ઈચ્છા, પીવાની ઈચ્છા, મૈથુનની ઈચ્છા જેવી અનેક પ્રકારની તૃષ્ણાની પ્રગટ વ્યક્તતાવાળું હોવાથી બાધા સહિતનું છે. બાધા સહિતનું સવ્યાબાધ સુખ એ સાચું સુખ નથી. જયારે તેનાથી વિરુદ્ધ સિદ્ધ ભગવાનનું વિષયાતીત સુખ કોઈપણ પ્રકારની તૃષ્ણા વિનાનું હોવાથી બાધા વિનાનું છે. બાધા વિનાનું અવ્યાબાધ સુખ એ જ સાચું સુખ છે.

જે સુખ ઈન્દ્રિયાતીત, વિષયાતીત અને સર્વોત્તમ હોય તે જ શ્રેષ્ઠ છે. અવ્યાબાધ સુખ ઈન્દ્રિયાતીત, વિષયાતીત અને સર્વોત્તમ હોવાથી શ્રેષ્ઠ છે. વળી જે સુખની પ્રગટતામાં અંદરમાં તૃષ્ણા અને બહારમાં કર્મોદય જેવી કોઈ બાધા ન હોય તેવા જ સુખને શ્રેષ્ઠ કહેવાય. સિદ્ધ ભગવાનનું સુખ અંદરની કે બહારની કોઈ પણ પ્રકારની બાધા વિનાનું એવું અવ્યાબાધ હોવાથી શ્રેષ્ઠ છે.

અજ્ઞાની જીવને જે પ્રકારના ઈન્દ્રિયવિષયની ઈચ્છા હોય ત્યારે તે પ્રકારના વિષયના ભોગવટાનો ઉપાય કરે છે અને ઈચ્છાનુસારનો ભોગવટો થતાં પોતે સુખ માને છે. વાસ્તવમાં ઈચ્છા અને ભોગવટો એક જ સમયે શકય ન હોવાથી ઈચ્છાનુસારનો ભોગવટો સંભવતો જ નથી. તેમ છતાં માનીએ કે ઈચ્છાનુસારનો ભોગવટો સંભવે છે અને તેથી વિષયજન્ય સુખ થાય છે. તોપણ આ સુખ ઈચ્છાપૂર્વકનું હોવાથી બાધાવાળું છે. બાધાવાળું હોય તેવું સવ્યાબાધ સુખ એ સાચું સુખ હોય નહિ. સાચા સુખ માટે ખાવાની ઈચ્છા થાય ત્યારે ખાવાનો ઉપાય કરવાને બદલે ખાવાની ઈચ્છા જ ઉત્પન્ન ન થાય તેવો ઉપાય કરવો

જોઈએ. જો આવો ઉપાય કરવામાં આવે તો આત્માધીન અને અવિનાશી હોય એવું અવ્યાબાધ સુખ ઉત્પન્ન થાય. પણ આવા અવ્યાબાધ સુખ માટે ઈન્દ્રિય વિષયોની આસક્તિ મટાડી મોક્ષમાર્ગ અને મોક્ષની આરાધના કરવી જોઈએ. અવ્યાબાધ સુખનું સ્વરૂપ અને તે પ્રગટ કરવાનો ઉપાય દર્શાવતા આચાર્યશ્રી અમૃતચંદ્ર આ પ્રમાણે જણાવે છે --


(અનુષ્ટુપ)

**संसार विषयातीतं सिद्धानामव्ययं सुखम् ।**
**अव्याबाधमिति प्रोक्तं परमं परमर्षिभिः ।।**

ભાવાર્થ : સંસારના વિષયોથી વિરામ પામવાથી સિદ્ધ ભગવાનનું જે વિષયાતીત પરમ સુખ પ્રગટે છે તે અવિનાશી હોય છે. આવા વિષયાતીત અને અવિનાશી સુખને જ મહાપુરુષોએ અવ્યાબાધ સુખ કહ્યું છે. (સંસારના વિષયોમાંથી વિરમી અવ્યાબાધ આત્મસ્વરૂપમાં લીન રહેવાથી અવ્યાબાધ સુખની પ્રગટતા થાય છે.)
(તત્વાર્થસાર : અધ્યાય ૮ : મોક્ષ : ગાથા ૪૫)

## ૧૧. અનુપમેય

**જેની તુલના કોઈ જાણીતી કે નજીકની બાબત સાથે થઈ શકે તે ઉપમા છે. જેને કોઈ ઉપમા લાગુ ન પડી શકે તેવા સુખને અનુપમેય કહે છે.**




સિદ્ધ ભગવાનનું સુખ એક જ પ્રકારનું પરિપૂર્ણ છે. એક જ પ્રકારના અને પરિપૂર્ણ હોય તેવા સુખની સરખામણી કોઈની સાથે શકય નથી. સિદ્ધ ભગવાનનું સુખ સંસારના કહેવાતા સુખોથી તદ્દન જુદી જ જાતનું અને ભાતનું છે. તેથી કોઈપણ પ્રકારના સાંસારિક સુખ સાથે પણ તેની તુલના થઇ શકતી નથી. સિદ્ધ ભગવાનના સુખની સમાનતા સિદ્ધ ભગવાનની જ સાથે હોય છે. એટલે કે સિદ્ધ ભગવાનનું સુખ સિદ્ધ ભગવાન જેવું જ હોય છે. આ રીતે સિદ્ધ ભગવાનના સુખને અન્ય કોઈ ઉપમા લાગુ પડી શકતી ન હોવાથી તે અનુપમેય છે.

અનુપમેય હોય તે જ સુખ સાચું હોય છે. સ્વાભાવિક સાચું સુખ એક જ પ્રકારનું અને પરિપૂર્ણ હોય છે. સિદ્ધ ભગવાનનું અનુપમેય સુખ એક જ પ્રકારનું અને પરિપૂર્ણ હોવાથી તે સાચું છે. સિદ્ધ ભગવાનનું સુખ સાંસારિક સુખથી વિલક્ષણ છે. વાસ્તવમાં સાંસારિક કહેવાતું સુખ એ પરમાર્થે દુઃખ જ છે. દુઃખ એ આત્માની વિભાવદશા હોય છે. સાંસારિક સુખ પણ આત્માની વિભાવદશા જ છે. વિભાવદશા અનેક પ્રકારે હોય છે તેથી સાંસારિક સુખ પણ અનેક પ્રકારે હોય છે. આવા સાંસારિક સુખને એકબીજા સાથે સરખાવી તેની ઉપમા આપી શકાય છે. પણ સિદ્ધ ભગવાનનું સુખ સ્વાભાવિક છે. પોતાનો સ્વભાવ શુદ્ધ અને પરિપૂર્ણ હોય છે. તેથી તેના આશ્રયે ઉત્પન્ન થતું સ્વાભાવિક સુખ પણ શુદ્ધ અને પરિપૂર્ણ હોય છે. શુદ્ધતાના કોઈ પ્રકાર હોતા નથી. અને તે એક જ પ્રકારે હોય છે. એક જ પ્રકારે હોવાથી તેને કોઈ તુલના લાગુ પડતી નથી. વળી આવું સ્વાભાવિક સુખ પરિપૂર્ણ પણ હોય છે. પરિપૂર્ણ સુખથી કોઈ ચઢિયાતું કે તેને મળતું એવું અન્ય કોઈ સુખ હોતું નથી. આ રીતે સિદ્ધ ભગવાનનું સુખ સ્વાભાવિક, શુદ્ધ, પરિપૂર્ણ અને એક જ પ્રકારનું હોવાથી તે અનુપમેય છે.

સંસારી જીવનું કહેવાતું સુખ એ જગતના અન્ય સુખોના સ્વરૂપવાળું અને તેમની જ જાતનું હોવાથી તેમની તુલના એકબીજાની સાથે થઈ શકે છે. જેમ કે, ત્રીજા કાળના અંતમાં થતા કુલકરનું સુખ કેવું ? તો કહે કે ચક્રવર્તીથી પણ ચઢિયાતું. આ રીતે સંસારી જીવના સાંસારિક સુખના કોઈ એક પ્રકારને અન્ય કોઈ સાંસારિક સુખ સાથે સરખામણી થઈ શકતી હોવાથી તે ઉપમેય છે. આવું સાંસારિક સુખ એ આત્માની વિભાવદશા હોવાથી તે સુખ સાચું સુખ હોતું નથી. જયારે તેનાથી વિરુદ્ધ સિદ્ધ ભગવાનનું સ્વાભાવિક સુખ કોઈ પણ સાંસારિક સુખથી જુદાં જ પ્રકારનું હોવાથી તેની સરખામણી કોઈ પણ સાંસારિક સુખ સાથે શકય નથી. વળી બધાં જ સિદ્ધ ભગવાનન એક જ પ્રકારના પરિપૂર્ણ સુખના ધારક હોવાથી તેઓની અંદરોઅંદર પણ કોઈ તુલના સંભવતી નથી. તેથી સિદ્ધ ભગવાનનું સુખ અનુપમેય છે. આવું અનુપમેય સુખ એ આત્માની સ્વાભાવિક દશા હોવાથી તે જ સુખ સાચું હોય છે.

જે સુખ એક જ પ્રકારનું, શુદ્ધ, સ્વાભાવિક અને પરિપૂર્ણ હોય તે શ્રેષ્ઠ છે. સિદ્ધ ભગવાનનું અનુપમેય સુખ એક જ પ્રકારનું, શુદ્ધ, સ્વાભાવિક અને પરિપૂર્ણ હોય તે શ્રેષ્ઠ છે. શ્રેષ્ઠ સુખ પ્રથમ પસંદગીને પાત્ર હોય છે. સિદ્ધ ભગવાનનું અનુપમેય સુખ અને સંસારી જીવનું ઉપમેય સુખ એ બેમાંથી એકની પસંદગી કરવાની હોય તો કોઇ પણ અનુપમેય સુખની જ પસંદગી કરે છે. તેથી અનુપમેય સુખ જ શ્રેષ્ઠ છે તે સમજી શકાય છે.

સિદ્ધ ભગવાનનું સુખ કહેવાતા સાંસારિક સુખથી એકદમ અલગ પ્રકારનું જ હોવાથી તેની તુલના અન્ય કોઈની સાથે થઈ શકતી નથી. સંસારમાં ચક્રવર્તી, ભોગભૂમિ, ધરણેન્દ્ર, દેવેન્દ્ર અને અહમિન્દ્રોનું સુખ ઉત્તરોત્તર અનંતગણું અધિક માનવામાં આવે છે. અહમિન્દ્રોમાંય સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્રોનું સુખ સૌથી અધિક છે. આ બધાં સંસારના ત્રણેય કાળના સમગ્ર સુખનો સરવાળો કરવામાં આવે તોપણ સિદ્ધ ભગવાનનું એક સમયમાત્રનું સુખ પણ તેનાથી અનંતગણું ચઢિયાતું છે. વાસ્તવમાં સિદ્ધ ભગવાનનું સુખ અન્ય કોઈ સાંસારિક સુખ સાથે સરખાવી શકાતું જ નથી. સિદ્ધ ભગવાનનું સુખ સાવ જુદી જ જાતનું છે. વાસ્તવમાં સિદ્ધ ભગવાનનું સુખ એ સ્વાભાવિક, શુદ્ધ, પરિપૂર્ણ અને એક જ પ્રકારનું હોવાથી તે જ વાસ્તવિક સુખ છે. અને તેની તુલના અન્ય કોઈ સાથે ન હોવાથી તે અનુપમેય છે. સિદ્ધ ભગવાનના સુખના અનુપમેય સ્વરૂપને દર્શાવતા આચાર્યશ્રી નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તીકહે છે --



चक्रिकुरुफणिसुरेन्द्रेषु अहमिन्द्रे यत्सुखं त्रिकालभवं ।
तत अनंतगुणितं सिद्धानां क्षणसुखं भवति ।।

ભાવાર્થ : ચક્રવર્તી, ભોગભૂમિ, ધરણેન્દ્ર, દેવેન્દ્ર અને અહમિન્દ્રોનું સુખ ક્રમશઃ એકબીજાથી અનંતાનંતગણું અધિક માનવામાં આવે છે. આ બધાં જ ત્રણેયકાળના સમગ્ર સાંસારિક સુખોનો સરવાળો કરવામાં આવે તોપણ સિદ્ધ ભગવાનનું એક ક્ષણનું પણ સુખ તેનાથી અનંતગણુ ચઢિયાતું છે. વાસ્તવમાં સિદ્ધ ભગવાનનું સુખ આ બધાં સુખોથી જુદાં જ પ્રકારનું હોવાથી તેની તુલના શક્ય નથી. ત્રણ લોકમાં કોઈપણ એવી ઉપમા નથી કે જે સિદ્ધ ભગવાનના સુખને આપી શકાય. તેથી તે અનુપમેય છે.(ત્રિલોકસાર : ગાથા ૫૬૦)

## ૧૨. નિરપેક્ષ

**કોઈપણ પરપદાર્થની અપેક્ષા વિનાના સુખને નિરપેક્ષ કહે છે.**

સિદ્ધ ભગવાનનું સ્વાધીન સુખ શરીર, મન, ઈન્દ્રિયો, કર્મનો ક્ષયોપશમ, પુણ્યનો ઉદય, બાહ્ય વિષયો કે પરનિમિત્તો જેવા કોઈ પણ પરપદાર્થની બિલકુલ અપેક્ષા વિના પોતાની સ્વાવલંબી વીતરાગી પરિણતિને કારણે પ્રગટ થયું હોવાથી તે નિરપેક્ષ છે.

નિરપેક્ષ હોય તે જ સાચું સુખ હોય છે. જીવના કોઈપણ જાતના સાપેક્ષ પરિણામ એ અશુદ્ધ વિભાવરૂપ હોય છે અને નિરપેક્ષ પરિણામ એ જ શુદ્ધ સ્વભાવરૂપ હોય છે. પરસાપેક્ષ બેપણામાં બગાડો કે ખરાબી હોય છે, જેને અશુદ્ધ વિભાવ કહે છે. અને પરનિરપેક્ષ એકત્વમાં જ સુંદરતા કે શોભા હોય છે, જેને શુદ્ધ સ્વભાવ કહે છે. તેથી જે પરસાપેક્ષ હોય એવું સાંસારિક સુખ એ ખરેખર વિભાવ જ હોવાથી દુઃખરૂપ છે અને પરનિરપેક્ષ હોય એવું સિદ્ધનું સુખ એ ખરેખર સ્વાભાવ જ હોવાથી સુખરૂપ છે. તેથી સાચું સુખ નિરપેક્ષ જ હોય છે.

સંસારી જીવનું અસમીચીન અસ્વાભાવિક સુખ એ ઈન્દ્રિયો અને તેના વિષયો, કર્મનો ક્ષયોપશમ જેવા અનેક બાહ્ય સાધનોની અપેક્ષા સહિતનું હોવાથી સાપેક્ષ છે. આવું સાપેક્ષ સુખ એ એક અશુદ્ધ વિભાવ હોવાથી પરમાર્થે દુઃખ જ છે. જયારે તેનાથી વિરુદ્ધ સિદ્ધ ભગવાનનું સમીચીન સ્વાભાવિક સુખ કોઈ પણ પરવિષયોની અપેક્ષા વગર પોતાની સ્વાત્માભિમુખ પરિણતિથી ઉત્પન્ન હોવાથી નિરપેક્ષ છે. આવું નિરપેક્ષ સુખ એ પોતાનો શુદ્ધ સ્વભાવ હોવાથી પારમાર્થિક સુખ જ છે.

પરનિરપેક્ષ શુદ્ધ સ્વાભાવિક સુખને જ શ્રેષ્ઠ કહેવાય. સિદ્ધ ભગવાનનું નિરપેક્ષ સુખ આવું હોવાથી તે શ્રેષ્ઠ છે. શ્રેષ્ઠ સુખ સ્વીકાર્ય હોય છે. સંસારી જીવનું સાપેક્ષ સુખ અને સિદ્ધ ભગવાનનું નિરપેક્ષ સુખ આ બે પ્રકારના સુખમાંથી સહજપણે કોઈપણ જીવ સિદ્ધ ભગવાનના નિરપેક્ષ સુખને જ સ્વીકારાશે. તેથી નિરપેક્ષ સુખ જ શ્રેષ્ઠ હોય છે તેમ સિદ્ધ થાય છે.

આત્મા સ્વયમેવ સુખ સ્વભાવી છે. આત્માનું સુખ એ આત્માનો સ્વભાવ છે. આત્માના સ્વાભાવિક સુખ માટે કોઈ બાહ્ય સાધનોની અપેક્ષા હોય નહિ. પરસાપેક્ષ જે સુખ હોય તે વિભાવ હોય છે અને વિભાવ દુઃખરૂપ હોય છે. તેથી પોતાના દુઃખ માટે કોઈની અપેક્ષા હોય પણ સુખ માટે કોઈની અપેક્ષા હોય નહિ. સિદ્ધ ભગવાન જેવું નિરપેક્ષ સુખ પ્રગટ કરવા માટે પરવિષયો અને પરપદાર્થોની અપેક્ષા છોડી પોતાના શુદ્ધ સ્વભાવનું જ અવલંબન કરવું એ જ એકમાત્ર ઉપાય છે. પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શબ્દોમાં ---

***'દ્રવ્ય તેને કહેવાય કે જેના કાર્ય માટે બીજા કોઇ સાધનોની રાહ ન જોવી પડે'***—*આ બોલમાં મહાસિદ્ધાંત કહી દીધો છે. અહા ! ચૈતન્યનું વજ્રબિંબ ભગવાન આત્મા અંદર પૂર્ણ સામર્થ્યથી ભરપૂર પડયો છે ને ! તેને પોતાના કાર્ય માટે બીજા સાધનોની રાહ શેની જોવી પડે ? બાપુ ! તારા હિતની આ વાત બહુ ઝીણી છે; બાકી તો આ સમજયા વિના બીજું બધું એમ ને એમ કરી કરીને મરી ગયો. તો હવે* ***'પરથી ખસ, સ્વમાં વસ, ટૂંકું ને ટચ, આટલું કર તો બસ.'***




(પૂજય ગુરુદેવશ્રીનું બહેનશ્રીના વચનામૃત નં. ૨૫૦ ઉપરનું પ્રવચન : પ્રવચન નં. ૯૬, તા. ૨૧-૯-૭૮ ના આધારે)

## ૧૩. અનંત

**અમર્યાદિત કે અંતહીન હોય તેવા પરિપૂર્ણ સુખને અનંત કહે છે.**

સિદ્ધ ભગવાનનું સુખ પોતાના ત્રિકાળ શુદ્ધ સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થયેલું છે. પોતાનો શુદ્ધ સ્વભાવ અમર્યાદિત પરિપૂર્ણ સામર્થ્યથી [૧૨]સભર છે. તેથી તેના આશ્રયે ઉત્પન્ન થયેલું સિદ્ધ ભગવાનનું સુખ પણ અમર્યાદિત હોય તેવા પરિપૂર્ણ સામર્થ્યવાળું છે. તેથી તે અનંત છે.



આત્મદ્રવ્ય પોતાના સ્વભાવથી શુદ્ધ છે. જો દ્રવ્ય પોતાના સ્વભાવથી જ અશુદ્ધ હોય તો તેની અવસ્થામાં કયારેય શુદ્ધતા પ્રગટે નહિ. સંસાર દશામાં પરાશ્રયે થતી અશુદ્ધ દશા હોય છે પણ સિદ્ધ દશામાં સ્વાશ્રયે થતી શુદ્ધ દશા હોય છે. જયાં શુદ્ધતા હોય ત્યાં પરિપૂર્ણતા પણ હોય જ છે. જો દ્રવ્ય પોતાના સ્વભાવથી જ અશુદ્ધ કે અપૂર્ણ હોય તો તે સ્વભાવ દ્રવ્યને પ્રતિકૂળ બને છે. જે પ્રતિકૂળ હોય તે વિભાવ હોય પણ પ્રતિકૂળ સ્વભાવ હોતો નથી. જો દ્રવ્યનો સ્વભાવ જ દ્રવ્યને પ્રતિકૂળ હોય તો તે દ્રવ્યનું દ્રવ્યપણું જ બનતું નથી. તેથી દ્રવ્ય પોતાના સ્વભાવથી શુદ્ધ અને પરિપૂર્ણ જાણવું. સિદ્ધ અવસ્થામાં આવા શુદ્ધ અને પરિપૂર્ણ સ્વભાવની પ્રગટતા છે. શુદ્ધ અને પરિપૂર્ણ સ્વભાવની પ્રગટતા થયા પછી તેનો કોઈ અંત કે હદ હોય શકે નહિ. તેથી તે અનંત છે.

સિદ્ધ દશામાં આત્માનો સુખાદિ સ્વભાવ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એમ દરેક રીતે અનંત છે. દ્રવ્ય અપેક્ષાએ આત્માના સુખાદિ અનંત ગુણો તેના અનંત સામર્થ્યપણે સભર છે. ક્ષેત્ર અપેક્ષાએ એક એક આત્મપ્રદેશોમાં અનંત સામર્થ્ય વ્યાપ્ત છે. કાળ અપેક્ષાએ સાદિ-અનંતકાળ સુધી પરિપૂર્ણ પ્રગટતા છે. ભાવ અપેક્ષાએ અનંત ગુણોની અનંત પર્યાયો પરિપૂર્ણ સામર્થ્યથી પ્રવર્તમાન છે. આ રીતે સિદ્ધ ભગવાનનો સુખ ગુણ કે સુખ સ્વભાવ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એમ દરેક રીતે અનંત જાણવો.

જે અનંત હોય તે જ સાચું સુખ હોય છે. સાચું સુખ સ્વાભાવિક હોય છે. સુખ એ આત્માનો સ્વભાવ છે. આત્માનો સુખ સ્વભાવ [૧૩]*અગાધ* શક્તિથી ભરપુર છે. તે સ્વભાવમાં કોઈ સીમા-મર્યાદા હોય નહિ. સિદ્ધ ભગવાનનું સ્વાભાવિક સુખ તેના પરિપૂર્ણ અમર્યાદિત આત્મસ્વભાવની પ્રગટતારૂપ હોવાથી તે અનંત છે. આવું સ્વભાવરૂપ અનંત સુખ એ જ સાચું સુખ છે.

સંસારી જીવનું સુખાભાસરૂપ કહેવાતું સુખ મોહજન્ય હોવાથી વિભાવરૂપ છે. વિભાવ આવરણ અને પરસાપેક્ષ હોવાથી મર્યાદિત હોય છે. વિભાવના કારણે બંધાતુ કર્મ પણ ઉત્કૃષ્ટ ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમથી વધુ સ્થિતિનું હોતું નથી. તે પણ તેની મર્યાદા બતાવે છે. જો વિભાવને મર્યાદા ન હોય તો વિભાવથી કદી પાછું વળી ન શકાય. પરંતુ અનાદિકાળથી ચાલી આવતી બાહ્યવૃત્તિરૂપ વિભાવથી પણ જીવ પાછો વળી શકે છે. સંસારી જીવનું કહેવાતું સુખ તેના મર્યાદિત વિભાવ પરિણામની પ્રગટતારૂપ હોવાથી તે મર્યાદિત છે. આવું મર્યાદિત અને વિભાવરૂપ હોય તે સાચું સુખ નથી પણ સિદ્ધ ભગવાનનું અનંત સુખ પરિપૂર્ણ અમર્યાદિત સ્વભાવરૂપ હોવાથી તે જ સાચું સુખ છે.

અમર્યાદિત અને પરિપૂર્ણ હોય તેવા અનંત સુખને જ શ્રેષ્ઠ કહેવાય. શ્રેષ્ઠ સુખ સર્વોત્કૃષ્ટ હોય છે. સંસારી જીવનું વિભાવિક સુખ મર્યાદિત અને અપૂર્ણ હોવાથી અત્યંત નિકૃષ્ટ છે. પણ સિદ્ધ ભગવાનનું સ્વાભાવિક સુખ અમર્યાદિત અને પરિપૂર્ણ હોવાથી સર્વોત્કૃષ્ટ છે. તેથી તે શ્રેષ્ઠ છે.

આત્માનો સ્વભાવ અનંતાનંત ગુણોના પરિપૂર્ણ સામર્થ્યથી ભરપૂર છે. સ્વભાવથી પોતે પરિપૂર્ણ હોવાથી પરાશ્રય રાખવાનું કોઈ કારણ નથી. તેમ છતાં સ્વભાવને અપૂર્ણ

માની તેની [14]પૂર્તતા માટે પરાશ્રય કરવાથી ઉત્પન્ન થતા વિભાવથી આત્માનું અનંત દુઃખ છે. અને તેનાથી વિરુદ્ધ આત્માના પરિપૂર્ણ શુદ્ધ સ્વભાવનો સ્વાશ્રય કરવાથી ઉત્પન્ન થતી સ્વાભાવિક પરિણતિથી આત્માનું અનંત સુખ છે. પરિપૂર્ણ સ્વભાવનો સ્વીકાર કરવાથી પરાશ્રયરૂપ માગણવૃત્તિ ટળે છે અને પરિપૂર્ણ અનંત સુખની પ્રાપ્તિ થાય છે તેમ ફરમાવતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન કહે છે --


***તારા આત્મામાં નિધાન ઠસોઠસ ભરેલાં છે. તારામાં આવાં નિધાન છે, તો પછી તું બહાર શું લેવા જાય છે ? તારામાં છે તેને જો ને ! તારામાં શી ખામી છે ? તારામાં પૂર્ણ સુખ છે, પૂર્ણ જ્ઞાન છે, બધુંય છે.***

***તું પોતે ત્રણ લોકનો નાથ હોવા છતાં, તારી પાસે અનંત ગુણરૂપ ઋદ્ધિના ભંડાર ભર્યા હોવા છતાં, પરપદાર્થ મને સુખ દેજો એમ ભીખ માંગ્યા કરે છે ! પણ બહારથી કંઈ મળતું નથી. જેમ ભોંયરામાં જઈ યોગ્ય ચાવી વડે પટારાનું તાળું ખોલવામાં આવે તો નિધાન મળે અને દારિદ્ર ફીટે, તેમ ઊંડાણમાં જઈ જ્ઞાયકના અભ્યાસરૂપ ચાવીથી ભ્રાંતિરૂપ તાળું ખોલી નાખવામાં આવે તો અનંત સુખરૂપ નિધાન પ્રાપ્ત થાય અને માગણવૃત્તિ મટે.***

(બહેનશ્રીના વચનામૃત : નં. ૩૮૪ અને ૪૧૪ ના આધારે)

## ઉપસંહાર

સંસારનું કહેવાતું સાંસારિક સુખ એ કોઈ ખરેખર સુખ જ નથી. પણ મોક્ષનું સુખ એ જ એક માત્ર સુખ છે. તેથી મોક્ષસુખનું સ્વરૂપ એ જ સાચા સુખનું સ્વરૂપ છે. સાચા સુખની પ્રાપ્તિ માટે મોક્ષસુખના સ્વરૂપની સાચી સમજણ અત્યંત આવશ્યક છે. મોક્ષના સુખના સ્વરૂપની સાચી સમજણ વગર મોક્ષના સુખની પ્રાપ્તિ થતી નથી. સાત તત્ત્વોના શ્રદ્ધાનથી સમ્યગ્દર્શનરૂપ મોક્ષમાર્ગની પ્રાપ્તિ કહી છે. પણ આ ભેદરૂપ સાત તત્ત્વો અભેદરૂપ મોક્ષસ્વરૂપી શુદ્ધાત્માને બતાવવા માટે છે. મોક્ષસ્વરૂપી શુદ્ધાત્માની પ્રગટતા મોક્ષતત્ત્વમાં હોય છે. તેથી સાતેય તત્ત્વોમાં મોક્ષતત્ત્વ એ પરમ ઉપાદેય છે. મધ્યસ્થપણે આ મોક્ષતત્ત્વ કે મોક્ષના સુખના સ્વરૂપને સમજવાથી મોક્ષસુખને પ્રાપ્ત કરી શકાય છે. આ બાબત આચાર્યશ્રી અમૃતચંદ્રના શબ્દોમાં --




(અનુષ્ટુપ)

इत्येतन्मोक्षतत्त्वं यः, श्रद्धत्ते वेत्त्युपेक्षते ।
शेषतत्त्वैः समं षड्भिः, स हि निर्वाणभाग् भवेत् ।।

**ભાવાર્થઃ**--આ રીતે જે બાકીના છ તત્ત્વની સાથે મોક્ષતત્ત્વનું સાચું શ્રદ્ધાન કરે છે અને તેના સુખના સ્વરૂપને સમ્યક્‌પણે જાણે છે તે સમજવાથી મોક્ષસુખને પામી શકે છે. (તત્ત્વાર્થસાર : અધ્યાય ૮ : મોક્ષ : ગાથા ૫૫)

## ટિપ્પણ

**૧ મૂર્ત** : જેનામાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ હોય એવો પૌદ્‌ગલિકપદાર્થ, રૂપી ●**૨. અસમીચીન** : અયોગ્ય, અયથાર્થ, અઠીક ●**૩. પ્રમત્ત** : પ્રમાદી, રાગાદિ દોષ વાળું ●**૪. હીન** : હીણું, અધમ, નીચ, હલકુ, ઊતરતું ●**૫. હેય** : ત્યાજ્ય, છોડવા યોગ્ય. ●**૬. વિસ્તીર્ણ** : વિશાળ, મોટું ●**૭ કનિષ્ઠ** : છેક ઊતરતી કોટિનું,, એકદમ હલકુ. ●**૮. પરાભવ** : હાર ●**૯. ગ્રસ્ત** : ગ્રસાયેલું, પકડાયેલું, ઘેરાયેલું ●**૧૦ ત્રસ્ત** : ત્રાસેલું, ડરેલું, ભડકેલું. ●**૧૧. અશેષ** : પૂરેપૂરું, તમામ, કાંઈપણ બાકી રાખ્યા વિના. ●**૧૨. સભર** : ભરપૂર, પૂરેપૂરું ભરેલું ●**૧૩. અગાધ** : ગાધ નહિ તેવું, અતિ ઊંડુ, ગંભીર ●**૧૪. પૂર્તતા** : પૂરવણી, ઉમેરણ, પૂર્તિ

## સંદર્ભ સાહિત્ય


**પ્રાસ્તાવિક** ૧. પદ્મનંદીપંચવિંશતિ : અધ્યાય ૮ : સિદ્ધસ્તુતિ : શ્લોક ૨૮, ૨૯; ●૨. નિયમસાર : ગાથા ૧૭૭, ૧૭૮; ●૩. તત્વાનુશાસન : ગાથા ૨૪૨.

**૧. આત્માધીન** ૧. જ્ઞાનાર્ણવ : સર્ગ ૨ : શ્લોક ૨૩, ૨૪, પાનુ ૧૬૭; ●૨. પદ્મનંદીપંચવિંશતિ : અધ્યાય ૮ : સિદ્ધ સ્તુતિ : શ્લોક ૧૧, પાનુ ૨૦૮; ●૩. પ્રવચનસાર : ગાથા ૧૩ અને તેની ટીકા; ●૪. આત્માનુશાસન : ગાથા ૨૬૭; ●૫. યોગસારપ્રાભૃત : અધિકાર ૯, ગાથા ૧૨, ૧૩.

**૨. અતીન્દ્રિય** : ૧. પરમાત્મ પ્રકાશ : અધ્યાય ૨, ગાથા ૯ અને તેની ટીકા; ●૨. પ્રવચનસાર : ગાથા ૧૩, ૪૦ થી ૪૨, ૫૩ થી ૬૦, ૬૫, ૭૬ અને તેની ટીકા; ●૩. સર્વાર્થસિદ્ધિ : ૧૦/૪/૪૬૮/૧૩; ●૪. સ્યાદ્વાદ મંજરી : ૮/૮૬/૩,૪; ●૫. ધવલ : ૧/૧, ૧, ૩૩ / ગા. ૧૪૦/૨૪૮; ●૬. ભગવતી આરાધના : ગાથા ૨૧૫૯; ●૭. પંચાધ્યાયી : ઉત્તરાર્ધ : ગાથા ૩૪૬, ૩૪૯, ૩૫૬ ●૮. તત્ત્વાનુશાસન : ગાથા ૨૪૦ થી ૨૪૩, ૨૪૬; ●૯. બૃહદ્ દ્રવ્યસંગ્રહ : ગાથા ૯, ૩૭ની ટીકા.

**૩. અહાનિવૃદ્ધિ** ૧. પ્રવચનસાર : ગાથા ૫૩ અને તેની ટીકા; ●૨. આત્મસિદ્ધિ : ગાથા ૧૧૭.

**૪. શાશ્વત** ૧. પ્રવચનસાર : ગાથા ૫૮ થી ૬૧ અને તેની ટીકા; ●૨. શ્રીમદ્ રાજચંદ્ર : અમૂલ્ય તત્વ વિચાર : કડી નં. ૩, અપૂર્વ અવસરઃ કડી નં. ૧૯; ●૩. બહેનશ્રીના વચનામૃત : ૨૩૫, ૨૩૬, ૨૮૧, ૨૯૯; ●૪. યોગાસાર : દોહરો ૧૦૩.

**૫. અવિચ્છિન્ન** ૧. પ્ર.સા.ગા. ૧૩ ની ટીકા; ●૨. સમયસાર : ગાથા ૭ નો ભાવાર્થ; ●૩. સમયસાર : આત્મખ્યાતિ : શ્લોક ૧૮૨; ●૪. સમયસાર : આત્મખ્યાતિ : પરિશિષ્ટ : શ્લોક ૨૭૦ અને ૨૭૧ વચ્ચેનું લખાણ.

૬. **અક્ષુબ્ધ** ૧. પ્રવચનસાર : ગાથા ૫૮, ૬૦, ૬૭, ૮૩ અને તેની ટીકા.

૭. **નિઃપ્રતિપક્ષ** ૧. પ્રવચનસાર : ગાથા ૫૩, ૧૯૬ અને તેની ટીકા.

૮. **નિરૂપાધિક** ૧. યોગાસાર : ગાથા : ૮૭; ●૨. નિયમસાર : ગાથા ૧૨૨, ૧૭૭ થી ૧૮૧ અને તેની ટીકા.

૯. **સમંત** ૧. પ્રવચનસાર ગાથા ૫૯ અને તેની ટીકા.

૧૦. **અવ્યાબાધ** ૧. ભગવતી આરાધના : ગાથા ૨૧૫૩ થી ૨૧૫૭; ●૨. બૃહદ્ દ્રવ્યસંગ્રહ : ગાથા ૧૪ની ટીકા; ●૩. તત્ત્વાર્થસાર : અધ્યાય ૮ : મોક્ષ : ગાથા ૪૫.

૧૧. **અનુપમેય** ૧. તત્ત્વાર્થસાર : અધ્યાય ૮ : મોક્ષ : ગાથા ૪૯; ●૨. પદ્મપુરાણ : પર્વ ૧૦૫, પાનુ ૫૯૦; ●૩. ત્રિલોકસાર : ગાથા ૫૬૨;

૧૨. **નિરપેક્ષ** ૧. પ્રવચનસાર : ગાથા ૫૮ અને તેની ટીકા; ●૨. બ્હેનશ્રીના વચનામૃત : નં. ૨૫૦; ●૩. સમાધિતંત્ર : ગાથા ૯૧ ની ફુટનોટ; ●૪. જયધવલાં : પુસ્તક ૭ : પાનું ૧૧૭, પેરા ૨૪૪; ●૫. પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન : તા. ૨૭-૯-૭૮.

૧૩. **અનંત** ૧. સ્વાધ્યાયમંજરી : ૮/૮૬/૪; ●૨. ધવલ : ૧/૧, ૧,૧/ ગા. ૪૬/૫૮; ●૩. પ્રવચનસાર : ગાથા ૧૩ની ટીકા; ●૪. બ્હેનશ્રીના વચનામૃત : નં. ૩૮૪, ૪૦૮, ૪૧૪.

**ઉપસંહાર** ૧. તત્ત્વાર્થસાર : અધ્યાય ૮ : મોક્ષ : ગાથા ૫૫.

## હેતુલક્ષી પ્રશ્નો

**યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં☐ ચોરસમાં દર્શાવો.**

**૧. આંશિક સુખ શેમાં છે ?** ૧.☐
A. નિશ્ચય મોક્ષમાર્ગમાં B. શ્રાવકના અણુવ્રતમાં
C. અરિહંત અવસ્થામાં D. સંસારના ભોગોપભોગમાં

**૨. મોક્ષનું સુખ કોને આધીન છે ?** ૨.☐
A. કર્મને આધીન B. આત્માને આધીન
C.ભવિતવ્યને આધીન D. સત્દેવ-ગુરુને આધીન

**૩. ખરેખર કષ્ટદાયક શું હોય છે ?** ૩.☐
A. આત્માનો આશ્રય B. પારકો આશ્રય
C. પાપનો ઉદય D. કઠોર તપશ્ચર્યા

**૪. સુખ-દુખ સંબંધી સમ્યક્ સિદ્ધાંત શો છે ?** ૪.☐
A. ઈચ્છા એ દુઃખ અને ઈચ્છાનુસારનો ભોગવટો એ સુખ
B. પાપનો ઉદય એ દુઃખ અને પુણ્યનો ઉદય એ સુખ
C. પરાધીનતા એ દુઃખ અને સ્વાધીનતા એ સુખ
D. રોગગ્રસ્ત અવસ્થા એ દુઃખ અને નિરોગી અવસ્થા એ સુખ

**૫. અતીન્દ્રિય સુખ કોની સાથે સંબંધિત છે ?** ૫.☐
A. અતીન્દ્રિય પરિણતિ B. અતીન્દ્રિય આત્મા
C. અતીન્દ્રિય પદાર્થો D. અતીન્દ્રિય જ્ઞાન

**૬. ઈન્દ્રિયજ્ઞાન કેવું છે ?** ૬.☐
A. પ્રત્યક્ષ B. અપ્રમત C. ઉપાદેય D. આકૂળ

**૭. અહાનિવૃદ્ધિ સુખ કોને કહેવાય ?** ૭.☐
A. અવિનાશી અને અખંડિત B. સ્વવશ અને સ્વતંત્ર
C. સ્થિર અને પરિપૂર્ણ D. આત્મિક અને અતીન્દ્રિય

**૮. જીવનો વિભાવ કેવો હોય છે ?** ૮.☐
A. અમર્યાદિત B. પ્રતિકૂળ C. કાયમી D. સ્વાશ્રિત

**૯. કયો કષાય કણ સૌથી છેલ્લે નાશ પામે છે ?** ૯.☐
A. સૂક્ષ્મ વેદ B. સૂક્ષ્મ લોભ
C. સૂક્ષ્મ માયા D. સૂક્ષ્મ માન

**૧૦. અવિચ્છિન્ન સુખ શું વિનાનું હોવાથી શ્રેષ્ઠ છે ?** ૧૦.☐
A. અંતરાય અને અંતર B. ઉપમા અને ઉપાધિ
C. હાનિ અને વૃદ્ધિ D. આવરણ અને ઊણપ

**૧૧. અખંડ સુખની પ્રાપ્તિ માટે કોનો આશ્રય કરવો ?** ૧૧.☐
A. અખંડ સ્વરૂપી આત્માનો
B. અખંડ જ્ઞાનની અવસ્થાનો
C. અખંડ સુખી સિદ્ધ ભગવાનનો
D. અખંડ સૌભાગ્યવતી સ્ત્રીનો

**૧૨. પોતાના સુખ માટે પરવિષયોનું પ્રયોજન શા માટે રાખવું જોઈએ નહિં ?** ૧૨.☐
A. પરવિષયોનું સુખ પોતાને મળતું નથી
B. પરવિષયો વગર જ પોતે સુખી થઈ શકે છે
C. પરવિષયોની પ્રાપ્તિ દુષ્કર છે
D. પરવિષયોમાંથી મળતું સુખ પરાધીન હોય છે

**૧૩. નિઃપ્રતિપક્ષ સુખ કેવું હોતું નથી ?** ૧૩.☐
A. પ્રતિપક્ષી સંસાર વિનાનું B. પ્રતિપક્ષી સુખ વિનાનું
C. પ્રતિપક્ષી શત્રુ વિનાનું D. પ્રતિપક્ષી કર્મ વિનાનું

**૧૪. આત્મિક સુખનો પ્રતિપક્ષી કોણ છે ?** ૧૪.☐
A. નિઃપ્રતિપક્ષ સુખ B. નિરપેક્ષ સુખ
C. સાંસારિક સુખ D. મોક્ષ સુખ

**૧૫. નિઃપ્રતિપક્ષ સુખ પ્રગટ કરવા માટે કયા પ્રતિપક્ષી શત્રુને હણવો જોઈએ ?** ૧૫.☐
A. અલ્પજ્ઞતા B. અસ્થિરતા
C. વીતરાગતા D. મોહ

**૧૬. નિરૂપાધિક સુખ કોનાથી રહિત હોતું નથી ?** ૧૬.☐
A. આધિ B. વ્યાધિ
C. ઉપાધિ D. સમાધિ

**૧૭. સમંત સુખ કેવું હોતું નથી ?** ૧૭.☐
A. સર્વ આત્મપ્રદેશો દ્વારા પ્રવર્તતું
B. પ્રત્યક્ષ જ્ઞાનોપયોગરૂપ
C. બધાંને માન્ય
D. પરિપૂર્ણ

**૧૮. આત્માના સુખને બાધા પહોંચાડનાર કોણ છે ?** ૧૮.☐
A. અલ્પજ્ઞતા B. ઈચ્છાઓ
C. અઘાતિકર્મો D. ઘાતિકર્મો

**૧૯. ઈચ્છા અને ભોગવટામાં કયા પ્રકારનો ક્રમ હોવાથી ઈચ્છાનુસારનો ભોગવટો સંભવતો નથી ?** ૧૯.☐
A. અક્રમે એક સાથે ઈચ્છા અને ભોગવટો હોવાથી
B. પહેલા ઈચ્છા અને ત્યારપછી એક સમયે આંતરે ભોગવટો હોવાથી
C. પહેલા ભોગવટો અને ત્યાર પછી એક સમયને આંતરે ઈચ્છા હોવાથી,
D. ઈચ્છા અને ભોગવટા વચ્ચે અનેક સમયનો આંતરો રહેતો હોવાથી

**૨૦. સિદ્ધ ભગવાનનું સુખ કેવું હોય છે ?** ૨૦.☐
A. સિદ્ધ ભગવાન જેવું

B. સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્ર જેવું
C. અરિહંત ભગવાન જેવું
D. સંસારની સઘળા ત્રિકાળવર્તી સુખોના સરવાળા જેટલું

**૨૧. સિદ્ધનું સુખ શા માટે અનુપમેય કહેવાય છે ?** ૨૧.☐
A. સાંસારિક સુખથી વિલક્ષણ હોવાથી
B. મનુષ્યક્ષેત્રમાં તેની ઉપમા મળતી ન હોવાથી
C. અતિદુર્લભ હોવાથી
D. અજાણ્યું હોવાથી

**૨૨. સાંસારિક સુખમાં સૌથી વધુ ચઢિયાતુ સુખ કયું ?** ૨૨.☐
A. અબજો પતિનું સુખ
B. અહમિન્દ્રનું સુખ
C. ચક્રવર્તીનું સુખ
D. તીર્થંકર ભગવાનનું સુખ

**૨૩. સિદ્ધ ભગવાનના સુખ પાસે સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્રનું સુખ કેવું છે ?** ૨૩.☐
A. સૂર્યના પ્રકાશ પાસે કોડિયાના પ્રકાશ જેવું છે
B. બન્નેની જાત જ જુદી હોવાથી સરખામણી શકય નથી
C. લગભગ એકસરખું છે D. અનંત ભાગનું છે

**૨૪. સાંસારિક સાપેક્ષ સુખ કેવું હોય છે ?** ૨૪.☐
A. કાયમી B. ક્ષણિક C. વૈભાવિક D. સ્વાભાવિક

**૨૫. નિરપેક્ષ સુખ શા માટે શ્રેષ્ઠ કહેવાય છે ?** ૨૫.☐
A. સ્વભાવની અપેક્ષા વિનાનું હોવાથી
B. નિમિત્ત વિનાનું હોવાથી
C. સંસારમાં એવું સુખ કયાંય નહિ હોવાથી
D. સર્વ સ્વીકાર્ય હોવાથી

**૨૬. દ્રવ્યના કયા કાર્ય માટે બીજા સાધનોની રાહ જોવી ન પડે ?** ૨૬.☐
A. સાંસારિક કાર્ય માટે B. પારમાર્થિક કાર્ય માટે
C. સ્વાભાવિક કાર્ય માટે D. કોઈપણ કાર્ય માટે

**૨૭. સિદ્ધ ભગવાનનું સુખ કઈ રીતે અનંત છે ?** ૨૭.☐
A. અનાદિ–અનંત કાળ સુધી વિસ્તરેલું છે
B. અનંત આકાશમાં વ્યાપેલું છે
C. દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અનંત છે
D. ત્રિકાળવર્તીસમગ્ર સાંસારિક સુખના સરવાળાથી પણ અનંતગણું છે.

**૨૮. કઈ બાબતને માગણવૃત્તિ કહેવાય ?** ૨૮.☐
A. ગુરુ પાસેથી જ્ઞાન માંગવું
B. પરમાંથી સુખ માંગવું
C. શેઠ પાસેથી પગાર માંગવો
D. પેટ ભરવા ભીખ માંગવી

**૨૯. કોની સમજણ વગર મોક્ષના સુખની પ્રાપ્તિ થતી નથી ?** ૨૯.☐
A. બાર અંગના જ્ઞાનની B. મોક્ષસુખના સ્વરૂપની
C. લોકના સ્વરૂપની D. નવતત્ત્વના સ્વરૂપની

**૩૦. સાત તત્ત્વોમાં પરમ ઉપાદેય તત્ત્વ કયું ?** ૩૦.☐
A. મોક્ષ B. પુણ્ય C. જીવ D. પાપ

## સૈદ્ધાંતિક પ્રશ્નો

**નીચેના પ્રશ્નો એક કે બે વાકયોમાં ટૂંકા જવાબ આપો.**

૧. મોક્ષ અને મોક્ષમાર્ગનું સુખ કેવું હોય છે ?
૨. કહેવાતા સાંસારિક સુખથી વિપરીત એવું મોક્ષનું સુખ ક્યું છે ?
૩. આત્માધીન સુખ કોને કહે છે ?
૪. પરાધીન અને સ્વાધીનતાને સુખ–દુઃખ સંબંધી કયો સિદ્ધાંત લાગુ પડે છે ?
૫. મોક્ષ અને મોક્ષમાર્ગમાં સ્વાધીન સુખને પ્રગટ કરવા માટે શું કરવું જોઈએ ?
૬. અતીન્દ્રિય સુખ કોને કહે છે ?
૭. ઈન્દ્રિયસુખરૂપ પરિણમન કોનું છે ?
૮. ઈન્દ્રિયજ્ઞાન અને તેની સાથે સંકળાયેલ ઈન્દ્રિયસુખ ક્યું છે ?
૯. અતીન્દ્રિયજ્ઞાન અને તેની સાથે સંકળાયેલ અતીન્દ્રિયસુખ કયું છે ?
૧૦. અતીન્દ્રિય સુખની પ્રગટતા માટે શેનો ઉપાય કરવો જોઈએ?
૧૧. કેવા સુખને અહાનિવૃદ્ધિ કહે છે ?
૧૨. પોતાનું ત્રિકાળી સ્વરૂપ કઈ રીતે અહાનિવૃદ્ધિ છે ?
૧૩. પોતાના સ્થિર અને પરિપૂર્ણ એવા અહાનિવૃદ્ધિ સુખની પ્રગટતા માટે શ્રીમદ્ રાજચંદ્રના આત્મસિદ્ધિની કઈ ગાથા છે?
૧૪. કેવા સુખને શાશ્વત કહે છે ?
૧૫. શા માટે સિદ્ધ ભગવાનનું સુખ શાશ્વત છે ?
૧૬. શા માટે જીવનો સ્વભાવ જીવને અનુકૂળ હોય છે ?
૧૭. સંપૂર્ણ વીતરાગભાવરૂપ સૂક્ષ્મ ચારિત્ર કઈ રીતે પ્રગટે છે ?
૧૮. અવિચ્છિન્ન સુખ કોને કહે છે ?
૧૯. અખંડ સુખની પ્રાપ્તિ માટે શો ઉપાય કરવો જોઈએ ?
૨૦. વ્યવહારનું પ્રયોજન શું છે ?
૨૧. પર્યાયદૃષ્ટિ શું છે ?
૨૨. શા માટે ભેદના આશ્રયે રાગની જ ઉત્પત્તિ થાય છે ?
૨૩. શુદ્ધનયથી હું પોતાને કેવો ભાસુ છું ?
૨૪. અક્ષુબ્ધ સુખ કોને કહે છે ?
૨૫. શા માટે સિદ્ધ ભગવાનનું સુખ અક્ષુબ્ધ હોય છે ?
૨૬. શા માટે અક્ષુબ્ધ હોય તે જ સુખ સાચું હોય છે ?
૨૭. શા માટે પોતાના સુખ માટે બાહ્ય સામગ્રી શોધવાની વ્યગ્રતા જરૂરી નથી ?
૨૮. નિઃપ્રતિપક્ષ સુખ કોને કહે છે ?
૨૯. શા માટે સિદ્ધ ભગવાનનું સુખ નિઃપ્રતિપક્ષ છે ?
૩૦. નિઃપ્રતિપક્ષ સુખની પ્રગટતા માટે શું કરવું જોઈએ ?
૩૧. નિરૂપાધિક સુખ કોને કહે છે ?
૩૨. શા માટે સિદ્ધ ભગવાનનું સુખ નિરૂપાધિક છે ?
૩૩. શા માટે નિરૂપાધિક હોય એજ વાસ્તવિક સુખ છે ?
૩૪. કેવા સુખને સમંત કહે છે ?
૩૫. શા માટે સિદ્ધ ભગવાનનું સુખ સમંત છે ?
૩૬. શા માટે સિદ્ધ ભગવાનનું સમંત સુખ જ સંમત છે ?
૩૭. અવ્યાબાધ સુખ કોને કહે છે ?
૩૮. અંદરમાં આત્માના સુખને બાધા પહોંચાડનાર કોણ હોય છે ?
૩૯. બહારમાં આત્માના સુખને બાધા પહોંચાડનાર કોણ હોય છે ?
૪૦. શા માટે ઈચ્છાનુસારનો ભોગવટો હોતો નથી ?
૪૧. મહાપુરુષોએ અવ્યાબાધ સુખને કેવું કહ્યું છે ?
૪૨. અનુપમેય સુખ કોને કહે છે ?
૪૩. સિદ્ધ ભગવાનના સુખની ઉપમા કોની સાથે આપી શકાય છે ?
૪૪. નિરપેક્ષ સુખ કોને કહે છે ?

૪૫. સિદ્ધ ભગવાનનું સુખ શા માટે નિરપેક્ષ છે ?
૪૬. કેવા સુખને અનંત કહે છે ?
૪૭. શા માટે દ્રવ્યનો સ્વભાવ દ્રવ્યને પ્રતિકૂળ હોતો નથી ?
૪૮. શા માટે વિભાવ મર્યાદિત હોય છે ?
૪૯. કોનો સ્વીકાર કરવાથી અનંત સુખની પ્રાપ્તિ થાય છે ?
૫૦. ભેદરૂપ સાત તત્ત્વોનું શ્રદ્ધાન શા માટે હોય છે ?
૫૧. સાતેય તત્ત્વોમાં મોક્ષતત્ત્વ કયું છે ?
૫૨. શા માટે મોક્ષસુખના સ્વરૂપને સમજવું જરૂરી છે ?

**નીચે આપેલ પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.**

૧. આ જગતમાં કઈ જગ્યાએ કેવું સુખ હોય છે ?
૨. મોક્ષસુખના સ્વરૂપના મુદ્દાઓ જણાવો.
૩. સિદ્ધ ભગવાનનું સુખ શા માટે આત્માધીન છે ?
૪. શા માટે આત્માધીન હોય તે જ સુખ સાચું હોય છે ?
૫. કઈ રીતે સંસારી જીવનું સુખ પરાધીન અને સિદ્ધ ભગવાનનું સુખ સ્વાધીન છે ?
૬. શા માટે સ્વાધીન હોય તે જ સુખ શ્રેષ્ઠ કહેવાય ?
૭. અમિતગતિ આચાર્ય સુખ–દુઃખનું સ્વરૂપ કયા પ્રકારે કહે છે ?
૮. સિદ્ધ ભગવાનનું સુખ કઈ રીતે અતીન્દ્રિય છે ?
૯. શા માટે અતીન્દ્રિય હોય તે જ સુખ સાચું હોય છે ?
૧૦. શા માટે સંસારી જીવનું જ્ઞાન અને સુખ ઈન્દ્રિય તેમ જ સિદ્ધ ભગવાનનું જ્ઞાન અને સુખ અતીન્દ્રિય છે ?
૧૧. પરોક્ષ જ્ઞાન અને પરોક્ષ સુખ કેવું હોય છે ? કોને હોય છે ?
૧૨. પ્રત્યક્ષ જ્ઞાન અને પ્રત્યક્ષ સુખ કેવા હોય છે ? કોને હોય છે ?
૧૩. શા માટે અતીન્દ્રિય સુખ જ શ્રેષ્ઠ છે ?
૧૪. આચાર્યશ્રી કુંદકુંદ અતીન્દ્રિય સુખના સાધનભૂત અતીન્દ્રિય જ્ઞાનની પ્રશંસા કઈ રીતે કરે છે ?
૧૫. શા માટે સિદ્ધ ભગવાનનું સુખ અહાનિવૃદ્ધિ છે ?
૧૬. શા માટે અહાનિવૃદ્ધિ હોય તે જ સુખ સાચું હોય છે ?
૧૭. કઈ રીતે સંસારીજીવનું કહેવાતું સુખ સહાનિવૃદ્ધિ અને સિદ્ધ ભગવાનનું સુખ અહાનિવૃદ્ધિ હોય છે ?
૧૮. શા માટે અહાનિવૃદ્ધિ સુખ જ શ્રેષ્ઠ છે ?
૧૯. પોતાના અહાનિવૃદ્ધિ હોય તેવા સુખની પ્રગટતા માટે શું કરવું જોઈએ ?
૨૦. શા માટે શાશ્વત હોય તો જ સુખને સાચું કહે છે ?
૨૧. શા માટે સંસારી જીવનું કહેવાતું સુખ અશાશ્વત અને સિદ્ધ ભગવાનનું સાચું સુખ શાશ્વત છે ?
૨૨. કઈ રીતે શાશ્વત સુખ શ્રેષ્ઠ કહેવાય છે ?
૨૩. શા માટે જીવનો સ્વભાવ શાશ્વત કહેવાય છે અને વિભાવ અશાશ્વત કહેવાય છે ?
૨૪. આચાર્યશ્રી યોગીન્દ્રદેવ શાશ્વત સુખનો શો ઉપાય બતાવે છે ?
૨૫. શા માટે સિદ્ધ ભગવાનનું સુખ અવિચ્છિન્ન છે ?
૨૬. શા માટે અવિચ્છિન્ન હોય એ જ સાચું સુખ છે ?
૨૭. કઈ રીતે સંસારી જીવનું સુખ વિચ્છિન્ન અને સિદ્ધ ભગવાનનું સુખ અવિચ્છિન્ન છે ?
૨૮. શા માટે અવિચ્છિન્ન સુખ જ શ્રેષ્ઠ હોય છે ?
૨૯. ભેદરૂપ વ્યવહાર શા માટે હોય છે ? ભેદરૂપ વ્યવહાર વડે અભેદ સુધી કઈ રીતે પહોંચી શકાય છે ?
૩૦. પર્યાયદષ્ટિ કોને કહે છે ? તેનું ફળ શું છે ?
૩૧. જીવના વ્યવહાર ચતુષ્ટય શું છે ? અને તેના વડે અભેદ આત્મા સુધી કઈ રીતે પહોંચી શકાય છે ?
૩૨. શા માટે ભેદના આશ્રયે આકુળતા અને દુઃખની જ ઉત્પત્તિ છે ?
૩૩. અખંડ આત્માની ઓળખાણ અને ઉપાય બતાવતા આચાર્યશ્રી અમૃતચંદ્ર શું કહે છે ?
૩૪. કઈ રીતે સંસારી જીવનું સુખ ક્ષુબ્ધ અને સિદ્ધ ભગવાનનું સુખ અક્ષુબ્ધ છે ?
૩૫. શા માટે અક્ષુબ્ધ હોય તે જ સુખ શ્રેષ્ઠ છે ?
૩૬. પોતાનું અક્ષુબ્ધ સુખ પ્રગટ કરવા માટે શો ઉપાય કરવો જોઈએ ?
૩૭. શા માટે નિઃપ્રતિપક્ષ હોય તે જ સુખ સાચું હોય છે ?
૩૮. શા માટે સંસારી જીવનું સુખ સપ્રતિપક્ષ અને સિદ્ધ ભગવાનનું સુખ નિઃપ્રતિપક્ષ છે ?
૩૯. જગતની કોઈપણ બાબત પ્રતિપક્ષ વિનાની હોતી નથી. તો પછી સિદ્ધ ભગવાનનું સુખ કઈ રીતે નિઃપ્રતિપક્ષ છે ?
૪૦. શા માટે નિઃપ્રતિપક્ષ હોય એવું સુખ શ્રેષ્ઠ કહેવાય છે ?
૪૧. આચાર્યશ્રી કુંદકુંદના કથન અનુસાર નિઃપ્રતિપક્ષ સુખ કઈ રીતે પ્રાપ્ત થાય છે ?
૪૨. શા માટે સંસારી જીવનું સુખ સોપાધિક અને સિદ્ધ ભગવાનનું સુખ નિરૂપાધિક હોય છે ?
૪૩. શા માટે નિરૂપાધિક હોય એ જ સાચું સુખ હોય છે ?
૪૪. સમસ્ત સંસાર કેવો છે ? અને તેમાં નિરૂપાધિક સુખની પ્રાપ્તિ કઈ રીતે છે ?
૪૫. શા માટે સમંત હોય એવું સુખ જ સાચું હોય છે ?
૪૬. કઈ રીતે સંસારી જીવનું સુખ અસમંત અને સિદ્ધ ભગવાનનું સુખ સમંત છે ?
૪૭. શા માટે સમંત હોય એવું સુખ જ શ્રેષ્ઠ કહેવાય છે ?
૪૮. શા માટે સિદ્ધ ભગવાનનું સુખ અવ્યાબાધ હોય છે ?
૪૯. શા માટે અવ્યાબાધ હોય એવું જ સુખ સાચું હોય છે ?
૫૦. કઈ રીતે સંસારી જીવનું વિષયજન્ય સુખ અવ્યાબાધ અને સિદ્ધ ભગવાનનું વિષયાતીત સુખ અવ્યાબાધ છે ?
૫૧. શા માટે અવ્યાબાધ સુખ જ શ્રેષ્ઠ હોય છે ?
૫૨. અવ્યાબાધ સુખની પ્રાપ્તિનો ઉપાય શો છે ?
૫૩. સિદ્ધ ભગવાનનું સુખ કઈ રીતે અનુપમેય છે ?
૫૪. શા માટે અનુપમેય હોય એ જ સુખ સાચું હોય છે ?
૫૫. સંસારી જીવનું સુખ ઉપમેય અને સિદ્ધ ભગવાનનું સુખ અનુપમેય છે તે બાબત સમજાવો.
૫૬. શા માટે અનુપમેય હોય એજ સુખ શ્રેષ્ઠ હોય છે ?
૫૭. સિદ્ધ ભગવાનના અનુપમેય સુખને દર્શાવતા આચાર્યશ્રી નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી શું કહે છે ?
૫૮. શા માટે નિરપેક્ષ હોય એ જ સુખ સાચું હોય છે ?
૫૯. સંસારી જીવનું સુખ કઈ રીતે સાપેક્ષ અને સિદ્ધ ભગવાનનું સુખ કઈ રીતે નિરપેક્ષ છે ?
૬૦. શા માટે નિરપેક્ષ સુખ જ શ્રેષ્ઠ હોય છે ?
૬૧. નિરપેક્ષ સુખ પ્રગટ કરવા માટેનો શો ઉપાય છે ? આ બાબત પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી શું કહે છે ?
૬૨. કઈ રીતે સિદ્ધ ભગવાનનું સુખ અનંત હોય છે ?
૬૩. શા માટે અનંત હોય એ જ સાચું સુખ હોય છે ?
૬૪. શા માટે સંસારી જીવનું કહેવાતું સુખ મર્યાદિત અને સિદ્ધ ભગવાનનું સુખ અનંત હોય છે ?
૬૫. શા માટે અનંત હોય તેવું જ સુખ શ્રેષ્ઠ કહેવાય ?
૬૬. અનંત સુખનો ઉપાય દર્શાવતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન શું કહે છે ?
૬૭. શા માટે મોક્ષ તત્ત્વ પરમ ઉપાદેય છે ?
૬૮. અમૃતચંદ્રાચાર્યના શબ્દોમાં મોક્ષ સુખને કઈ રીતે પામી શકાય છે ?

## વિદ્યાર્થીઓની જુથપ્રવૃત્તિ

૧. પ્રકરણની રૂપરેખામાંથી કોઈ એક મુદ્દો પસંદ કરી તેના પરનો પ્રોજેક્ટ તૈયાર કરો.
૨. પ્રકરણમાં આવતી ગાથાઓ, શ્લોકો વગેરેનું સમૂહગાન કરો.

## શિક્ષકની વિશેષ પ્રવૃત્તિ

૧. જ્ઞાનની અનંતતા સમજાવી તેના આધારે સુખની અનંતતા સમજાવો.
૨. મોક્ષસુખના સ્વરૂપ વિષેની અન્ય મતોની મિથ્યા માન્યતાઓનું નિરાકરણ આપો.